Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

भो भद्राः केयमविद्या ? कोऽयं मोहः ? केयमात्मवञ्चनता ? केयमात्मवैरिकता ? येन यूयं गृध्यथ विषयेषु । मुह्यथ कलत्रेषु । लुभ्यथ धनेषु । स्निह्यथ स्वजनेषु । हृष्यथ यौवनेषु । तुष्यथ निजरूपेषु । पुष्यथ प्रियसङ्गतेषु । रुष्यथ हितोपदेशेषु । दुष्यथ गुणेषु । नश्यथ सन्मार्गात्सत्स्वप्यस्मादृशेषु सहायेषु । प्रीयथ सांसारिकसुखेषु । न पुनर्यूयमभ्यस्यथ ज्ञानं । नानुशीलयथ दर्शनं । नानुतिष्ठथ चारित्रं । नाचरथ तपः । न कुरुथ संयमं । न संपादयथ सद्भूतगुणसंभारभाजनमात्मानमिति । एवं च तिष्ठतां भवतां भो भद्र! निरर्थकोऽयं मनुष्यभवः । निष्फलमस्मादृशसन्निधानं । निष्प्रयोजनो भवतां परिज्ञानाभिमानः । अकिञ्चित्करमिव भगवद्दर्शनासादनं । एवं हि स्वार्थभ्रंशः परमवशिष्यते । स च भवतामज्ञत्वमालक्षयति । न पुनश्चिरादपि विषयादिषु संतोषः । तन्न युक्तमेवमासितुं भवादृशां । अतो मुञ्चत विषयप्रतिबन्धं । परिहरत स्वजनस्नेहादिकं । विरहयत धनभवनममत्वबन्धनं । परित्यजत निःशेषं सांसारिकमलजाम्बालं । गृह्णीत भागवतीं भावदीक्षां । विधत्त सज्ज्ञानादिगुणगणसंचयं । पूरयत तेनात्मानं । भवत स्वार्थसाधका यावत्सन्निहिता भवतां वयं ।

उपमिति भवप्रपञ्चा कथा.

પુસ્તક ૩૦ મું. માહ. સં. ૧૯૭૧. શાકે ૧૮૩૬. અંક ૧૧ મો.

# श्री अजितजिन स्तवन.

( આધા આમ પધારો પૂજ્ય-એ દેશી. )

અજિત જિનેશ્વર ચરણની સેવા, હેવાએ હું હળિયો;
કહિયે[1] અણુ ચાખ્યો રસ અનુભવ-રસનો ટાણો મળિયો.
**પ્રભુજી મ્હેર કરી મહારાજ કાજ અમારાં સારો.**
અહો મ્હારા જિનજી! અહો મ્હારા પ્રભુજી!

૧ કદાપિ પણ.

For Private And Personal Use Only

ગિરૂઆ ગરીબ નિવાજ, ભવજળ પાર ઉતારો.–એ ટેક. ૧
મૂકાવ્યો પણ હું નવિ મૂકું, મૂકું એ નવિ ટાણો રે;
ભક્તિભાવ ઉઠ્યો જે અંતર, તે કેમ રહે શરમાણો. પ્ર૦ ૨
લોચન શાન્ત સુધારસ સુભગા, મુખ મટકાળું પ્રસન્ન રે;
યોગમુદ્રાનો લટકો ચટકો, અતિશયનો અતિ ધન્ન. પ્ર૦ ૩
[1]બાળકાળમાં વાર અનંતી, સામગ્રીએ નવી જાગ્યો રે;
[2]યૌવનકાળે તે રસ ચાખણ, તું સમરથ પ્રભુ માગ્યો. પ્ર૦ ૪
[3]પિંડ પદસ્થ રૂપસ્થ વ લીનો, ચરણ કમલ તુજ ગ્રહિયો રે;
ભ્રમર પેરે રસ સ્વાદ ચખાવો, વિરસો કાં કરો મહિયો. પ્ર૦ ૫
તું અનુભવ રસ દેવા સમરથ, હું પણ અરથી તેહનો રે;
ચિત્ત વિત્ત ને પાત્ર સંબંધે, અજર[4] રહ્યા હવે કેહનો. પ્ર૦ ૬
પ્રભુજીની મ્હેરે તે રસ ચાખ્યો, અંતરંગ સુખ પામ્યોરે;
માનવિજય વાચક એમ જંપે, હુવો મુજ મન [5]કામ્યો. પ્ર૦ ૭

# सरस्वती महिमा अष्टक.

## ( વસંતતિલકા વૃત્ત. )

વિદ્યા અમુલ્ય નર જન્મતણો ખજાનો. સંચેલ બાળ વયમાં સુધરે જમાનો;
જાતાં સુકાળ શુભ વર્ષ ગળે નિરાંતે, વિદ્યા પઢેલ વય ગાળત પૂર્ણ ખાંતે. ૧
વિદ્યાવડે વિનય વાડ વિશેષ વાધે, ઉદ્યોગ વારિ કરતાં નિજ અર્થ સાધે;
શોભે સભા પ્રિય વધે વ્યવહારમાં તે, વિદ્યા પઢેલ વય ગાળત પૂર્ણ ખાંતે. ૨
વિદ્યા સુવેલ વધતાં સુખ કીર્તિ વાધે, જ્ઞાની જનો જગતમાં ત્રણ વર્ગ સાધે;
વિદ્યા વિના જનમ સર્વ વૃથા ગણાતે, વિદ્યા પઢેલ વય ગાળત પૂર્ણ ખાંતે. ૩
બેલી બુલાય વસતે હમ તો હવેલી, તું કાશિદા કરત કાગળ માન મેલી;
પ્રત્યુત્તરે કથત કાગળ શું કુલાતે, વિદ્યા પઢેલ વય ગાળત પૂર્ણ ખાંતે. ૪
શોભે પ્રિયા અહત કથ તણી કમાણી,[6] નંતો જણાય[7] કર નાય[8] ધરેલ શાણી;
શોભા ગ્રહેલ અમ કાગળની [9]કૃપા તે, વિદ્યા પઢેલ વય ગાળત પૂર્ણ ખાંતે. ૫
વિદ્વાન પુત્ર તસ તાત કમાય શાને, સોંપેલ દ્રવ્ય ઉપયોગ ન મૂરખાને;

૧ અજ્ઞાન અવસ્થામાં. ૨ વિવેક દશા યોગ. ૩ ધર્મધ્યાનના ભેદો. ૪ વાંધા–વિલંબ. ૫ નિહાલ થયો, કમાયો, કૃતાર્થ થયો. ૬ પ્રિયા–સ્ત્રી. કાથળી નારી જાતિ, કથ–પુરુષ. કાગળ નરજાતિ છે. ૭ કર–હાથ. ૮ નાગ–વાણંદ. ૯ કૃપા–મેહરબાની.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિદ્યા કળા નિપુણતા ઘર પુત્રમાં તે, વિદ્યા પઢેલ વય ગાળત પૂર્ણ ખાંતે. ૬
વિદ્યા પઢી લઘુ વયે વ્યવહાર સાધે, રે'તા હૃદે વિનય ધર્મ સુકાર્ય વાધે;
જાણો પઢેલ જગમાં જન તેહ જાતે. વિદ્યા પઢેલ વય ગાળત પૂર્ણ ખાંતે. ૭
શોભા કળા વિવિધ દેશતણી જણાયે, વિદ્યા પ્રતાપ સરવે સ્થળમાં ગણાયે;
વિદ્યાવડે સફળ **દુર્લભ** જન્મ થાતે, વિદ્યા પઢેલ વય ગાળત પૂર્ણ ખાંતે. ૮

**દુર્લભજી વિ. ગુલાબચંદ મહેતા. વળા.**

# જ્ઞાનસાર સૂત્ર વિવરણમ્.

## ॥ नियागाष्टकम् ॥ २८ ॥

શ્રી વીતરાગના વચનાનુસારે યોગસાધન યા યોગઅભ્યાસ કરનારા મુમુક્ષુ જનો નિશ્ચિત યાગ-યજ્ઞનું ફળ મેળવી શકે છે; તેથી પ્રસંગાગત તે નિયાગનું નિરૂપણ ગ્રંથકાર કરે છે.

यः कर्म हुतवान् दीप्ते, ब्रह्माग्नौ ध्यानधाय्यया ॥
स निश्चितेन यागेन, नियागप्रतिपत्तिमान् ॥ १ ॥

**ભાવાર્થ**—નિશ્ચિત યાગ ( યજ્ઞ ) તે નિયાગ કહેવાય છે. તેનું સ્વરૂપ શાસ્ત્રકાર સમજાવે છે. જે શુદ્ધ બ્રહ્માગ્નિમાં[1] ધ્યાન-સાધનથી વિવિધ કર્મને હોમે છે તે મહાશય નિશ્ચિત યાગવડે નિયાગી કહેવાય છે. ૧.

पापध्वंसिनि निष्कामे, ज्ञानयज्ञे रतो भव ॥
सावद्यैः कर्मयज्ञैः किं, भूतिकामनयाविलैः ॥ २ ॥

**ભાવાર્થ**—પાપના ક્ષય કરનાર એવા નિષ્કામ ( પૌદ્ગલિક કામનારહિત ) જ્ઞાન-યજ્ઞમાં રતિ કરવી યુક્ત છે. વૈભવની ઇચ્છાથી મલીન એવા પાપયુક્ત કર્મ-યજ્ઞ કરવાનું શું પ્રયોજન છે ? જેમને પાપનો ક્ષય કરી નિષ્પાપ થવા ઇચ્છા હોય તેમને તો પાપયુક્ત કર્મયજ્ઞોનો અનાદર કરી કેવલ જ્ઞાન-યજ્ઞનોજ આદર કરવો ઘટે છે. કેમકે લોહી ખરડ્યું વસ્ત્ર જેમ લોહીથી સાફ થઇ શકે નહિ, પણ શુદ્ધ જલ વિગેરેથીજ સાફ થઇ શકે છે, તેમ પાપથી ખરડાએલું મન પણ પાપયુક્ત કર્મ-યજ્ઞથી શુદ્ધ થઇ શકે નહિ, પણ પાપરહિત એવા જ્ઞાનયજ્ઞથી જ તે અવશ્ય શુદ્ધ થઇ શકે. માટેજ નિષ્કામ એવા જ્ઞાન-યજ્ઞમાં રક્ત થવું એ જ્ઞાની-વિવેકી મહાશયોને ઉચિત છે, પણ પાપયુક્ત કર્મ-યજ્ઞ કરવાં એ ઉચિત નથી. ૨.

૧ શુદ્ધ આત્મસ્વરૂપમાં નિમગ્ન થઇ-લયલીન બની.

For Private And Personal Use Only

वेदोक्तत्वान्मनःशुद्ध्या, कर्मयज्ञोऽपि योगिनः ॥
ब्रह्मयज्ञ इतीच्छंतः, श्येनयागं त्यजन्ति किम् ॥ ३ ॥

**ભાવાર્થ**—કર્મ-યજ્ઞ પણ કરવાનું વેદમાં કથન હોવાથી મનની શુદ્ધિથી તે પણ જ્ઞાન-યજ્ઞનું ફળ આપે છે, એવું ઇચ્છનારા બ્રહ્મ-જ્ઞાનીઓ શ્યેન[1]-યાગને કેમ તજે છે ? જો બીજા કર્મયજ્ઞથી મનની શુદ્ધિ સંભવે છે તો આથી કેમ નહિ ? એમ સમજી વિવેકી જનોએ પાપ-યુક્ત સર્વ કર્મ-યજ્ઞોનો પરિહાર કરવો ઘટે છે. ૩.

ब्रह्मयज्ञं परं कर्म, गृहस्थस्याधिकारिणः ॥
पूजादिर्वीतरागस्य, ज्ञानमेव तु योगिनः ॥ ४ ॥

**ભાવાર્થ**—શ્રી વીતરાગની પૂજા, સદ્‌ગુરુને દાન, દીન દુઃખીનો ઉદ્ધાર-વિગેરે ગૃહસ્થ-અધિકારીને યોગ્ય શ્રેષ્ઠ આચરણ બ્રહ્મયોગનું કારણ હોવાથી જ્ઞાન-યોગ કહી શકાય છે, પરંતુ જ્ઞાની-મુનિને તો ફક્ત જ્ઞાન-યોગજ સેવવા યોગ્ય છે. ગૃહસ્થ યોગ્ય ( સઘળો ) આચાર સાધુને સેવવાનો નથી. કેમકે બન્નેનો અધિકાર ભિન્ન છે. ૪.

भिन्नोद्देशेन विहितं, कर्म कर्मक्षयाक्षमं ॥
क्लृप्तभिन्नाधिकारं च, पुत्रेष्ट्यादिवदिष्यताम् ॥ ५ ॥

**ભાવાર્થ**—જુદા હેતુથી કરેલી ક્રિયા ક્લિષ્ટ-કર્મોનો ક્ષય કરી શકે નહિ. જો પાપ-કર્મને ક્ષય કરવાની પવિત્ર બુદ્ધિથી જ નિજ અધિકાર ઉચિત ક્રિયા વિવેકથી કરવામાં આવે તોજ તેથી પાપ-કર્મનો ક્ષય થઇ શકે છે, પણ તેથી વિરુદ્ધ આચરણ કરતાં તો કદાપિ કર્મક્ષય થઇ શકે નહિ. સ્વ સ્વ અધિકાર મુજબ કરેલી કરણી સુખદાયી નિવડે છે.[2] સાધુ સાધુયોગ્ય અને ગૃહસ્થ ગૃહસ્થ-યોગ્ય કરણી કરતાં સુખી થાય છે, પણ સાધુ પોતે ગૃહસ્થયોગ્ય અને ગૃહસ્થ પોતે સાધુયોગ્ય કરણી કરવા જતાં ઉલટા અનર્થ પામે છે. પુત્રેષ્ટિની પેરે ( પુત્ર માટે કરવામાં આવતો યજ્ઞ વિશેષ " પુત્રેષ્ટિ " કહેવાય છે, તેનીપેરે ) અધિકાર વિરુદ્ધ અને નિર્દોષ શાસ્ત્રમાર્ગ વિરુદ્ધ આચરણથી અનર્થજ સંભવે છે. એમ સમજીને સુનિપુણ જનો પાપયુકત યજ્ઞોથી સદંતર દૂર રહે છે, અને પવિત્ર એવી ધર્મકરણી પણ પવિત્ર ઉદ્દેશથીજ કરે છે. ૫.

ब्रह्मार्पणमपि ब्रह्म–यज्ञांतर्भावसाधनं ॥
ब्रह्माग्नौ कर्मणो युक्तं, स्वकृतत्वस्मये हुते ॥ ६ ॥

---

1 એ બાજ પક્ષીનું નામ છે. તેનો યજ્ઞ કરતા નથી, તેનું શું કારણ ?

2 'અધિકારિવશાત્શાસ્ત્રે, ધર્મસાધનસંસ્થિતિઃ ' इति श्री हरिभद्राष्टके.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવાર્થ**—બ્રહ્માર્પણ[૧] કરવું એનેજ જો જ્ઞાનયજ્ઞનું ખરેખરૂં સાધન કહેવામાં આવે તો તેથી પણ સ્વકર્તૃત્વ-અહંકાર એટલે પોતે કર્યાપણાનો ગર્વ ગાળી નાંખી જ્ઞાનાગ્નિમાં કર્મનોજ હોમ કરવો ઘટે છે. પ્રથમ અહંકારનો હોમ કરતાંજ કર્મનો હોમ કર્યો ઠરે છે. માટેજ પાપયુક્ત કર્મ-યજ્ઞ કરવાનો કદાગ્રહ તજી દઇ ગૃહસ્થોએ તેમજ સાધુઓએ ઉપરની યુક્તિયુક્ત વાત વિવેકથી વિચારી સ્વસ્વઅધિકાર ઉચિત સદાચારજ સેવવો યોગ્ય છે. ૬.

**ब्रह्मण्यर्पितसर्वस्वो, ब्रह्मदृग् ब्रह्मसाधनः ॥**
**ब्रह्मणा जुह्वदब्रह्म, ब्रह्मणि ब्रह्मगुप्तिमान् ॥ ७ ॥**
**ब्रह्माऽध्ययननिष्ठावान्, परब्रह्मसमाहितः**
**ब्रह्मणो लिप्यते नाघै-र्नियागप्रतिपत्तिमान् ॥ ८ ॥**

**ભાવાર્થ**—આત્મસમર્પણ કરનાર, તત્ત્વદર્શી, તત્ત્વસાધક, તત્ત્વજ્ઞાનવડે અજ્ઞાનનો ઉચ્છેદ કરનાર, શુદ્ધ બ્રહ્મચર્ય સેવનાર, તત્ત્વ અભ્યાસમાં રક્ત રહેનાર અને સ્વરૂપમાંજ રમણ કરનાર એવા **નિશ્ચિત** યાગસંપન્ન સાધુઓ કદાપિ પાપકર્મથી લેપાતા નથી; મતલબ કે નિર્લેપ રહેવા ઇચ્છનાર સાધુએ અનંતરોક્ત લક્ષણ ધરવાંજ જોઇએ. બાકી તો અહંતા, મમતા, અજ્ઞાન, અવિવેકાચરણ અને સ્વાર્થઅંધતાદિક સર્વ અપલક્ષણો તો કેવળ દુર્ગતિમાંજ દોરી જનારાં છે, માટે એ સર્વે અપલક્ષણોથી અલગા થઇ એકાન્ત સ્વહિત સાધવું સર્વથા ઉચિત છે. ૭-૮.

મુ. કુ. વિ.

**વિવેચન**—આ અષ્ટક ઉચ્ચ કોટીના જીવોને માટે ખાસ છે અને તે હિંસક યાગનો નિષેધ કરી સત્યયાગ ( યજ્ઞ ) સમજાવવા માટેજ લખવામાં-રચવામાં આવ્યું છે. અજ્ઞાન મનુષ્યોને ઐહિક સુખને લગતા અનેક પ્રકારના ( રાજ્ય, સ્ત્રી, પુત્ર, ધન વિગેરે ) લાભોની પ્રાપ્તિના કારણ સમજાવી ઐહિક સુખાભિલાષી બ્રાહ્મણાદિકોએ પોતાની વાસનાને તૃપ્ત કરવા માટે અનેક પ્રકારના તિર્યંચોનો હોમ કરવારૂપ યજ્ઞની પ્રવૃત્તિ શરૂ કરી છે. તેવા યજ્ઞની પ્રવૃત્તિ વીશમા મુનિસુવ્રત સ્વામીના તીર્થમાં થયેલા **પર્વત** વિગેરેથી શરૂ થઇ છે. તેની હકીકત જૈન રામાયણમાં સવિસ્તર આવે છે ત્યાંથી વાંચી લેવી. અહીં લેખ વધી જવાના કારણથી લખેલ નથી.

એવા હિંસાકારી યજ્ઞો તે ખરા યજ્ઞો ( યાગ ) નથી, પણ સત્ય-નિશ્ચિત યાગ ( નિયાગ ) તો ધ્યાનાગ્નિમાં કર્મરૂપ હુતદ્રવ્યને હોમવા અર્થાત્ ધ્યાનાગ્નિવડે કર્મોને બાળી દેવા-કર્મોની નિર્જરા કરવી તેજ છે. આ હકીકતની આ અષ્ટ-

૧ આત્માર્પણ-આત્મભોગ-આત્મત્યાગ યા સ્વાર્થત્યાગ કરવામાં આવે તે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કમાં બહુ સારી રીતે પુષ્ટિ કરી છે. અર્થ લખવામાં પણ સારો વિસ્તાર કરેલો છે તેથી વિવેચનમાં વધારે લખવાની આવશ્યકતા નથી તોપણ ટૂંકામાં કાંઇક લખવામાં આવ્યું છે.

શાસ્ત્રકાર કહે છે કે-જો તારે આત્માની ઉચ્ચ દશા પ્રાપ્ત કરવી હોય તો પાપકારી કર્મયજ્ઞને છોડી પાપવિધ્વંસકારી જ્ઞાનયોગમાં પ્રવૃત્તિ કર. કર્મયજ્ઞ વેદોક્ત હોવાથી કરવા યોગ્ય તું માનતો હોય તો તેમાં તારી ભૂલ થાય છે; કારણકે એવા હિંસક યજ્ઞો અસલ વેદોમાં હતાજ નહીં, આ યજ્ઞની પ્રરૂપણાવાળા વેદો તો નવીન વેદો છે. એને માટે શ્રીમાન્ આત્મારામજી મહારાજે પ્રગટ કરેલ જૈન તત્ત્વાદર્શ, અજ્ઞાન તિમિર ભાસ્કર અને તત્ત્વનિર્ણય પ્રાસાદ એ ત્રણે ગ્રંથોમાં ઘણા વિસ્તારથી સ્પષ્ટીકરણ કરેલું છે. વીતરાગની પૂજા વિગેરે પણ યજ્ઞ કહેવાય છે પણ તેના અધિકારી ગૃહસ્થો છે-યોગીઓ તો જ્ઞાનયજ્ઞનાજ અધિકારી છે. તેને માટે વીતરાગની દ્રવ્યપૂજાદિ યજ્ઞો પણ કર્ત્તવ્યરૂપ નથી. દરેક કાર્ય અધિકારી-પરત્વેજ કર્ત્તવ્યરૂપ ગણાય છે. દરેક કર્ત્તવ્ય દરેકને ( ગૃહસ્થ યોગી વિગેરે સર્વને ) કરવા યોગ્ય હોતા નથી.

યજ્ઞાદિ કર્મ પણ ભિન્ન ઉદ્દેશવડે અર્થાત્ યોગ્યતા વિરૂદ્ધ અન્ય ઉદ્દેશવડે કરવામાં આવ્યા હોય તો તે તેથી ભિન્ન ફળ આપતા નથી. અર્થાત્ જે ઉદ્દેશથી કરવામાં આવ્યા હોય તેપ્રકારનુંજ ઓછું કે વધતું ફળ આપે છે. તેથી અહિંસક યજ્ઞો પણ શુભ ઉદ્દેશવડેજ સાધ્યનો નિર્ણય કરીને કરવા ઉચિત છે.

ઉત્તમ જીવોએ જ્ઞાનાગ્નિમાં અહંકાર, ક્રોધ, લોભ, મોહ, મત્સર, પરદ્રોહાદિ અનેક પ્રકારના દુર્ગુણોનોજ હોમ કરવા યોગ્ય છે. યોગીઓને માટે તો એજ યજ્ઞ કર્ત્તવ્યરૂપ છે. તેથી અન્ય સર્વ યજ્ઞોને અકર્ત્તવ્યરૂપ સમજી ખરા કર્ત્તવ્યપરાયણ થવું જોઇએ. આવા કારણથીજ બ્રહ્મ જે આત્મા તેના હિત માટેજ સર્વસ્વનું અર્પણ કરનાર, બ્રહ્મ દૃષ્ટિવાળા, બ્રહ્મ સાધન કરનારા, બ્રહ્મવડે, અબ્રહ્મનો બ્રહ્મને વિષે, બ્રહ્મ ગુપ્તિવાળા થઇને હોમ કરે છે, તેવા બ્રહ્માધ્યયનમાં નિષ્ઠાવાળા અને પરબ્રહ્મમાં સમાધિવાળા બ્રહ્મો ( આત્માઓ ) ખરા નિયાગને ઓળખીને તેનેજ આદરે છે કે જેથી તેઓ પાપકર્મથી લેપાતા નથી.

આ અષ્ટકના અધિકારી તેમજ તેના ખરા સ્વરૂપના લેખકો બહુ અલ્પ હોય છે. તેથી અહીં તેનો વિસ્તાર કરવામાં આવ્યો નથી. આ અષ્ટકનું રહસ્ય એ છે કે હિંસક યજ્ઞોને તજી દઇને અહિંસક યજ્ઞ કરવા ઉત્તમ જીવોએ તત્પર થવું. ગૃહસ્થોએ પણ ઐહિક સુખની આશાએ કદિપણ પાપકારી હિંસક યજ્ઞો કરી પોતાના આત્માને પાપ પ્રકૃતિથી લિપ્ત કરવો નહીં, કારણ કે તેવા યજ્ઞોથી [illegible] છે. તેનાથી તેવા પ્રકારના કહેવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવતા ઐહિક સુખોની પણ પ્રાપ્તિ થતી નથી, માત્ર તેનાથી તો તેવા યજ્ઞો કરાવનારાની વાસનાજ તૃપ્ત થાય છે. માટે ધ્યાનાગ્નિમાં કર્મોનો અથવા જ્ઞાનાગ્નિમાં અહંકારાદિનો હોમ કરવારૂપ ભાવયજ્ઞ કરવા. અને દ્રવ્યયજ્ઞ કરવાની ઇચ્છા થાય તો વીતરાગની દ્રવ્યપૂજા અનેક પ્રકારના ઉત્તમ ઉત્તમ દ્રવ્યોવડે તેના અધિકારી ગૃહસ્થોએ કરવી કે જેથી ઐહિક ને આમુષ્મિક બંને પ્રકારના સુખોની પ્રાપ્તિ થઇ શકે છે.

તંત્રી.

# सत्संग ( सप्तम सौजन्य. )

## ( લેખક-કાપડીયા મોતીચંદ ગીરધરલાલ. સોલીસીટર. )

'સત્સંગ' એટલે સજ્જનનો મેળાપ, તેની સાથે સંબંધ અને તેઓની પાસે હાજર રહી તેઓ સાથે ચર્ચા વાર્તા કરવી, તેઓએ આપેલો બોધ સાંભળવો અને તેઓના સંબંધમાં એકથી વધારે વખત આવ્યા કરવું. 'વિદ્વત્સેવના' કરવી એ સપ્તમ સૌજન્ય છે. એ આપણે સૌજન્યના પ્રથમ લખેલા વિષયમાં જોયું છે અને વિદ્વત્સેવા એ સત્સંગ હોવાથી તેપર આપણે અત્ર વિચાર કરીએ છીએ. એની પ્રસ્તાવના[1] કરતાં અગાઉ મનુષ્ય સ્વભાવના એક ખાસ આવિર્ભાવ ઉપર ધ્યાન ખેંચવામાં આવ્યું હતું. તે પ્રસંગે જણાવ્યું હતું કે જુદે જુદે પ્રસંગે સાંસારિક વિપત્તિઓ આવે છે ત્યારે સંસારપર નિર્વેદ થાય છે અને પ્રાણી વિષય કષાયની મંદતા કરવા તરફ, સંસારવૃદ્ધિના પ્રસંગો ઓછા કરવા તરફ અને ચેતનની શુદ્ધ દશા પ્રાપ્ત કરવાનાં સાધનો એકઠાં કરવા તરફ દોરાય છે, પરંતુ વળી પાછો કાંઇક બાહ્ય સુખ સાધન પ્રાપ્ત થતાં તે સંસારપર ઢળી જાય છે. આટલી પ્રસ્તાવના કરી સત્સંગને અને તે વિચારને શું સંબંધ છે તે વિચાર કરવો મુલતવી રાખ્યો હતો. તે વાતને અઢી વરસ થઇ ગયા, આજે તે વિષયની વિચારણા પૂર્ણ કરીએ.

સંગ અને મેળાપમાં ઘણો તફાવત છે. એક વખત સાધારણ રીતે મળવું થાય, મળીને છૂટા પડી જવાય તેનું નામ મેળાપ કહેવાય છે. જ્યારે મળનાર સાથે એકથી વધારે વખત સાથે રહેવાનું થાય, તેની વાત સાંભળવામાં આવે, તેમાં રસ પડે, બન્નેને પ્રિય વિષયો પર ચર્ચા ચાલે અથવા ઉપદેશ શ્રવણ કરવામાં આવે, તેનું નામ સંગ કહેવાય છે. 'સંગ' શબ્દમાં લબક ઝબક મળી જવાનું અને તુરત છૂટા પડવાનું નથી, પરંતુ એમાં ચાલુપણું-જારી રાખવાપણું-અંતર્ગત હોય એમ ભાવ જણાય છે. સંગતિ શબ્દ ગુજરાતી ભાષામાં બહુ સારી

૧ પુસ્તક અઠ્ઠાવીશ અંક ત્રીજે પૃ. ૮૫ મા આ વિષયનો પ્રાથમિક લેખ આવ્યોછે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીતે જાણીતો છે. એપર આપણે પ્રથમ વિચાર કરીએ એટલે સંગતિ મનુષ્ય જીવનપર શું અસર કરે છે તે વિચારીએ; પછી સત્સંગના પ્રસંગો અને પરિણામપર વિચારણા કરીશું અને તે સૌજન્ય કેવી રીતે છે તેનો ખ્યાલ કરવા સાથે વિષય વિચારણા છેવટે પૂરી કરીશું.

લોકોમાં બે પોપટની વાત પ્રસિદ્ધ છે અને તે વાંચનમાળામાં પણ મૂકવામાં આવી છે. એક માબાપના બે પોપટ બચ્ચાંઓને પારાધિએ પકડી એકને ભીલ્લ લોકોને વેચ્યો અને બીજાને ઋષિને વેચ્યો. હવે હકીકત એમ બની કે એક વખત પોતાના સૈન્યથી ભ્રષ્ટ થયેલો રાજા ભિલ્લ લોકોની પલ્લી પાસે નીકળ્યો. ત્યાં પાંજરામાં રહેલ પોપટે ઉચ્ચ સ્વરથી કહ્યું "અરે ભિલ્લ લોકો! અહીંથી મોટો પૈસાદાર માણસ પસાર થઈ જાય છે, માટે તેને મારો, પકડો, લુંટો, કબજામાં લો." રાજા આવા શબ્દો સાંભળી બીકથી ઘોડાને લગામ મારી ઉતાવળો દૂર નીકળી ગયો. અશ્વ પવનવેગી હતો અને ભિલ્લ લોકો તૈયાર નહોતા, તેથી તેઓ તેની પુંઠ પકડી શક્યા નહિ. થાકી ગયેલ અશ્વ અને રાજા ત્યાંથી કેટલેક દૂર આવેલ ઋષિઓના આશ્રમ નજીક આવી પહોંચ્યો. ત્યાં રાજાને આવતો જોઈ ત્યાં રહેલો પોપટ બોલ્યો 'અહો તાપસ લોકો! કોઈ મહાનુભાવ પુરૂષ આવે છે, તેને બોલાવો, તેનો આદર કરો, સત્કાર કરો, તેનું આતિથ્ય કરો, ભક્તિ કરો.' રાજા ત્યાં રોકાયો. કપડા ઉતારી ઘોડાને ચારો આપી આતિથ્ય સ્વીકાર્યું અને પછી પોપટને પોતાનાં હાથમાં લઈ બોલ્યો કે 'બન્ને પોપટ લગભગ તદ્દન સરખા છે, રૂપ રંગ અને શરીરનો ઘાટ એક બીજાને મળતો છે, છતાં બન્નેની ભાષામાં આટલો બધો ફેર કેમ પડ્યો?' તેના જવાબમાં ઋષિઓએ ખુલાસો કર્યો કે 'બન્ને પોપટો એકજ માબાપના બચ્ચાં હોવા છતાં એકને સંગ ભિલ્લોનો રહ્યો તેથી તેની સોબતમાં લુંટફાટની વાત શીખ્યો અને બીજો અમારી પાસે સારી રીતભાત શીખ્યો. સંગતિ પ્રમાણે ગુણ દોષ પ્રાપ્ત થાય છે' વિગેરે વાત કહી. જે સાંભળી રાજાને સંગતિ કેટલી અસર કરે છે તેની પ્રતીતિ થઇ.

આ પ્રસ્તુત હકીકત સર્વના જાણવામાં હોવા સંભવ છે, પણ તેના ગર્ભમાં રહેલ આશયપર બહુ થોડા વિચાર કરે છે. પંચતંત્રમાં ગાયને એક રાત્રી પ્રસંગથી કાષ્ઠઘંટાની વિડંબના થઈ હતી તે વાત પણ એટલી સારી રીતે જાણીતી છે. આવી રીતે સંગતિની અસર ઘણી થાય છે, એમ સ્પષ્ટ જાણવા છતાં ઘણા પ્રાણીઓ તે સંબંધમાં બહુ બેદરકાર રહે છે. એક વિદ્વાન્ પુરૂષને પૂછવામાં આવ્યું કે 'અમુક માણસ માટે તેનો શો અભિપ્રાય છે?' તેના જવાબમાં તેણે જણાવ્યું કે 'હું તેના સંબંધમાં વિશેષ જાણતો નથી, તેથી અભિપ્રાય આપી શકવાની સ્થિતિમાં હું હાલ નથી, પણ તેના સોબતીઓ-મિત્રો કેવા છે તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જો તમે મને વિસ્તારથી જણાવો તો હું તેના સંબંધમાં અભિપ્રાય આપી શકીશ.' આ જવાબમાં પણ બહુ રહસ્ય છે. અમુક માણસના ચારિત્રનો નિર્ણય કરવો હોય તો તેના મિત્રોના ચારિત્ર ઉપરથી થઈ શકે છે. જ્યાંસુધી એક સરખા વિચાર અને વર્તન હોતાં નથી ત્યાંસુધી મિત્રતા થતી નથી અને થાય તો ટકતી નથી. ગુણ, સ્વભાવ અને વર્તનમાં સરખા હોય તેનોજ સંબંધ થાય છે, નહિ તો સામાન્ય મેળાપ થાય પણ મૈત્રી થતી નથી. કેટલીકવાર ડોળ કરનાર માણસ પોતાના દુર્ગુણો છુપાવી સજ્જનોને અથવા ભદ્ર લોકોને ફસાવી તેની સાથે મૈત્રી કરે છે; તો તે મૈત્રી દીર્ઘ કાળ ટકતી નથી. એનો હેતુ એ છે કે એવાં પ્રસંગો મૈત્રી સંબંધમાં આગળ ચાલતા જરૂર બને છે કે જ્યારે ડોળ કરનાર પણ પોતાના ખરા સ્વરૂપમાં જણાયા વગર રહે નહિ અને એક વખત વાસ્તવિક સ્વરૂપમાં તે જણાય ત્યારે સજ્જનો એકદમ તેની મૈત્રીનો ત્યાગ તો કરતા નથી, પરંતુ ધીમે ધીમે તેનો સંબંધ ઘટતો જાય છે અને છેવટે મૈત્રીનો અંત આવે છે. પછી કદાચ પૂર્વના સંબંધથી મળવા હળવાનું રહે તોપણ તે મેળાપના વર્ગમાં આવે છે, પણ સંગના વર્ગમાં આવતું નથી. આ પ્રમાણે હોવાથી સદરહુ વિદ્વાન્ માણસે મિત્રોનું વર્તન તપાસવા કહ્યું અને તે તપાસને પરિણામે ઉપરોક્ત માણસનું ચારિત્ર કેવું છે તે સંબંધી અભિપ્રાય આપવાનું જણાવ્યું તે હકીકતનું રહસ્ય જણાય છે. પોપટનાં બચ્ચાંઓની વાતમાં અને આ વાતમાં જૂદા જૂદા રહસ્યો છે. પોપટની વાત એમ જણાવે છે કે ચારિત્ર બંધારણ માટે સારી સંગતિ કરવાની જરૂર છે અને આ વાત એમ જણાવે છે કે એક સરખા વર્તન, સ્વભાવ અને ચારિત્રવાળા માણસોનેજ સંબંધ બની રહે છે. એકમાં ચારિત્ર બંધારણનું કારણ સંગતિ બતાવી છે અને બીજામાં ચારિત્ર બંધારણનું નિરૂપણ નિરીક્ષણ પૂર્વક જણાવ્યું છે. આ બન્ને હકીકત બહુ સારી રીતે લક્ષ્યમાં રાખવા યોગ્ય છે.

સંગતિની આ પ્રમાણે બહુ અસર થાય છે. એ બાબત એટલી બધી ઉપયોગી છે કે એ સંબંધમાં બેદરકાર રહેવાથી બહુ ભયંકર પરિણામો કેટલીકવાર આવે છે. એક ચાલુ કહેવત છે કે ' કાળાની સાથે ધોળાને બાંધવામાં આવે તો વાન ન આવે પણ સાન તો જરૂર આવે. ' જેમ દરેક કહેવતમાં અનુભવને સંક્ષેપમાં સમાવેલ હોય છે અને દીર્ઘ કાળના અવલોકનનું ટુંકામાં રહસ્ય બતાવવામાં આવેલું હોય છે તેમ આ કહેવત માટે સમજવું. બે બળદ પૈકી એક કાળા રંગનો અને એક ધોળા રંગનો હોય-તે બન્નેને સાથે બાંધવામાં આવે તો ધોળા બળદમાં કાળાનો રંગ આવતો નથી; પણ કાળાની સારી ખોટી આદતો જરૂર આવે છે, તેની રીતભાતનું નિરૂપણ અન્યમાં પણ થાય છે અને ખાસ કરીને એકના દુર્ગુણ બીજામાં જલદી પ્રવેશ કરે છે. આ પ્રમાણે થવાનું કારણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ જણાય છે કે દુર્ગુણ જાતે ખરાબ હોવા છતાં તે ઉપર ઉપરથી એટલા આકર્ષક લાગે છે કે પ્રાણી તેમાં જલદી ફસાઈ જાય છે અને સંસર્ગથી તે બહુ જલદી આવી જાય છે. સારાની સોબતથી તેના સદ્ગુણો ખરાબમાં આવી જાય તેના કરતાં ખરાબનાં દુર્ગુણો સારામાં આવવાનો બહુ સંભવ છે. એનું કારણ એમ જણાય છે કે વિભાવ દશામાં અને પૌદ્ગલિક બાબતોમાં આસક્ત પ્રાણીઓને નીચા ઉતરી જતા વખત લાગતો નથી; અને તેમાં પણ પ્રસંગ મળતા લપસી જવાનું તુરત બની આવે છે. આપણે હાલ જે વાત કરીએ છીએ તે સાધારણ લોકસમૂહની છે એમ સમજવું. અસાધારણ બુદ્ધિ વૈભવવાળા અથવા અનુભવથી સિદ્ધ થયેલ અત્યુત્તમ ચારિત્ર બંધારણવાળા મહાપુરૂષો બાહ્ય અસરથી તદ્દન દૂર રહી શકે છે અને તેનો સમાવેશ સજ્જન અથવા સંત પુરૂષોમાં થાય છે, તેઓની સંગત તો ખાસ શોધવા યોગ્ય છે; પરતું તેવાઓને અંગે ખાસ એટલું યાદ રાખવાનું છે કે તેઓ અન્ય પ્રાણી ઉપર પોતાના વર્તનની અસર કરી શકે છે, પણ તેઓ ઉપર ગમે તે વર્ગનો પ્રાણી તેઓ પાસે આવે તેની અસર થતી નથી. આવા અસાધારણ ચારિત્રવાન્ મહાપુરૂષોને બાદ કરીએ તો બાકીના લોકો ઉપર સંગતિની અસર બહુ થાય છે અને તેથી કોની સોબત કરવી એ સવાલ ઘણો જરૂરનો મોટા ભાગના પ્રાણીઓ માટે રહે છે.

હકીકત એમ બને છે કે અશુદ્ધ વર્તનવાળા પ્રાણીઓની સોબત થયા પછી જ્યારે જ્યારે વર્તન કરવાનો પ્રસંગ આવે છે ત્યારે ત્યારે તેઓના ધોરણથી પોતાની તુલના કરવાની પદ્ધતિ પડી જાય છે. હમેશા ચાલુ પ્રવાહમાં રહેનાર પ્રાણીઓ ઉપર સમાજનો અને સંબંધીઓનો આડકતરી રીતે અંકુશ રહે છે. પ્રાણીને સાધારણ રીતે એમ મનમાં રહ્યા કરે છે કે જેના સંબંધમાં પોતે આવતો હોય તેના ઉચ્ચ અભિપ્રાય મેળવવા માટે તેની વૃત્તિ રહ્યા કરે. પોતાને ઓળખનારાનેજ તે દુનિયા સમજે છે અને તેઓ પોતાને માટે સારો અભિપ્રાય રાખે તેને માટે ઘણુંખરૂં ચિંતા રહ્યા કરે છે. દરેક માણસની દુનિયા આ પ્રમાણે જૂદી જૂદી હોય છે. પોતે સારો કહેવાય છે કે ખરાબ? તેનું ધોરણ પોતાના સંબંધીઓ પોતા માટે શું ધારે છે તેપર રહે છે. એમ ધારો કે સાધારણ રીતે અમુક માણુસને ઓળખનાર એટલે તેના સગા સંબંધીઓ અને મિત્રોની સંખ્યા પાંચસો પ્રાણીઓની છે તો તે પાંચસો પ્રાણીનું એક વર્તુળ બને છે અને તેના કેંદ્રમાં–મધ્ય સ્થાને જાણે આ પ્રાણી ઉભો છે. આવી રીતે દરેક પ્રાણી પોતાની જૂદી જૂદી દુનિયા બનાવે છે અને તેની વચ્ચે જાણે પોતે ઉભો હોય તેમ સમજે છે. તેઓના અભિપ્રાય ઉપર અને ખાસ કરીને પોતાના મિત્રોના અભિપ્રાય ઉપર તેને બહુ આધાર રાખવો પડતો હોવાથી અથવા તે પ્રકારનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાધારણ રીતે જનપ્રકૃતિના મોટા ભાગનું વલણ હોવાથી તેઓ આ પ્રાણી માટે શું ધારશે અથવા તેના અમુક વર્તનની કેવી તુલના કરશે તેપર આ પ્રાણીના વર્તનનો આધાર રહે છે. સમાજના અંકુશ સંબંધી આ મહાન્ સત્ય છે તે આપણે જરા વધારે સ્પષ્ટ કરીએ; કારણકે તે તદ્દન સત્ય હકીકત હોવા છતાં ઘણીવાર પ્રાણીની નજર બહાર રહે છે. નજર બહાર રહે છે તે તેમના અભિપ્રાય તરફ બેદરકારીને અંગે નહિ પણ એ પ્રમાણે છે એમ પૃથક્કરણ કરીને પ્રાણી જાણતો નથી તેથી રહે છે.

દૃષ્ટાંત તરીકે આપણે એમ ધારીએ કે એક માણસની દુકાનપર પાંચસેં રૂપિયા પડ્યા છે, દુકાનદાર બહાર ગયો છે અને દરેક પળે તે આવી પહોંચવાનો સંભવ છે. બીજો માણસ દુકાનપર જાય છે અને દુકાનપર કોઇને ન જોતાં રોકડની પેટી તરફ તેની નજર પડે છે. તે વખતે જો તે અધમ સ્થિતિનો એટલે એવા વર્તુળમાંથી આવતો હોય કે જ્યાં ચોરી કરવી એ પરાક્રમ માનવામાં આવતું હોય તો તે જોખમ બેઠીને પણ ચાવી લાગુ કરી અથવા તાળુ તોડી રૂપિયા ઉચાપત કરવા વિચાર કરશે, પણ જો તેના સંબંધીઓ પ્રમાણિક હશે તો તેને સાધારણ રીતે એમ થશે કે કદાચ દુકાનદાર આવી પહોંચશે અને પોતાની ફજેતી થશે તો ઘણું ખરાબ લાગશે. જો તે અતિ સારા સમાજમાંથી આવતો હશે કે તુરત તેને વિચાર થશે કે અન્યના પૈસા પર તેને કંઈ હક નથી. આવી રીતે અનેક પ્રકારના વિચારો કલ્પી શકાય. એવીજ રીતે એક સુંદર નવયૌવના યુવતીને એકાંતમાં મળનાર પોતે જે વર્ગમાંથી આવ્યો હોય તે વર્ગના વિચાર પ્રમાણે વર્તન કરશે. અન્ય સ્ત્રીની લાજ લુંટવામાં પરાક્રમ માનનાર તેના પર બળાત્કાર કરશે, તેમ કરવામાં આબરૂ ઓછી થયેલી માનનાર તેની વિજ્ઞપ્તિ કરશે-તેને સમજાવશે અને તેમાં પાપ સમજનાર તેને બહેન કહીને બોલાવશે. આવી રીતે સમાજ અથવા સંબંધીની અસર પ્રાણી પર બહુ થાય છે. સંબંધીઓનો સરવાળો એ પ્રાણી માટે સમાજ છે એમ સમજવું. સમાજનો અંકુશ આવી રીતે અનેક દૃષ્ટાન્તો આપીને બતાવી શકાય તેમ છે. સમાજનો આટલો મોટો અંકુશ પ્રાણી ઉપર રહે છે તેનું સત્ય બીજી રીતે પણ બતાવી શકાય તેમ છે. જ્યારે પ્રાણી પરદેશ જાય છે ત્યાં બહુધા અનેક પ્રકારના અત્યાચાર કરે છે. જેઓ પોતાના સમાજની નજીક બહુ વિચાર કરીને વર્તતા હોય છે તેઓ પરદેશમાં તેટલી સંભાળ રાખતા નથી, કારણકે ત્યાં સમાજનો કોઈ પણ પ્રકારનો અંકુશ હોતો નથી. આ પ્રમાણે હોવાથી સંગતિ પ્રાણી ઉપર બહુ અસર કરનારી થાય છે અને તેના આચાર, વ્યવહાર, વર્તન અને ચારિત્ર સંબંધમાં તે ઘણો અગત્યનો ભાગ ભજવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાણી નિમિત્તવાસી છે, એમ ઘણીવાર કહેવામાં આવે છે. તેનો ભાવાર્થ પણ આજ નિયમાનુસાર સમજવાનો છે. એ જેવા સંયોગોમાં મૂકાયેલો હોય છે તે પ્રમાણે તે બહુધા વર્તન કરે છે. સારા સંયોગોમાં હોય તો તે પ્રમાણિક જીવન ગાળે છે, સત્ય વચનોચ્ચાર કરે છે, ઉત્તમ વિચારો સેવે છે, નીતિના ધોરણપર ચાલે છે, અન્ય જીવનું દીલ દુઃખાય તેવું વર્તન કરતો નથી, અન્યને ત્રાસ આપતો નથી, કોઈને નકામા નુકશાનમાં ઉતારતો નથી, પ્રસંગ મળતા અભિમાન કરતો નથી, પોતાની જાતને સામાન્ય પ્રકારની સમજે છે, કોઈપર ગુસ્સે થતો નથી, કાવાદાવા, છેતરપીંડી અથવા ખોટા દેખાવ કરતો નથી, છળ પ્રપંચથી દૂર રહે છે, સામાન્ય પ્રયાસથી જે મળે તેમાં સંતોષ રાખે છે અને પોતાના આત્માની ઉન્નતિ કરવા માટે યોગ્ય પ્રયાસ કરે છે, યોગ્ય વર્તન કરે છે અને સદાચરણી જીવન વહન કરી અન્ય પ્રાણીવર્ગની યથાસંયોગ સેવના કરે છે. આવો પ્રાણી સર્વ જીવ પર પ્રેમ રાખી તેમની અનેક પ્રકારે સેવા કરવામાં, તેમનું દુઃખ ઓછું કરવામાં અને તેઓને માટે સુખનાં સાધનો યોજવામાં આનંદ લે છે. એવીજ રીતે જો પ્રાણી ખરાબ સંયોગોમાં મૂકાયલો હોય તો તે અનેક પ્રકારના અધમ વર્તન કરે છે, અનેક જીવોને ત્રાસ આપે છે, અનેકના પ્રાણ લે છે, અનેકનાં ખૂન કરવા સુધીનાં કામ કરવામાં પણ આંચકો ખાતો નથી, પોતાની આબરૂ ખોટી રીતે વધારવાનો ધંધો લઈ બેસે છે, અંદરથી અતિ નીચ વૃત્તિ હોવા છતાં ગૃહસ્થ હોવાનો દેખાવ કરે છે, ગીલ્લાસ કરે છે, અને અન્યના અવર્ણવાદ બોલવામાં, પારકાની નિંદા કરવામાં અને કુથલી કરવામાં વખત પસાર કરે છે, પોતે જાણે જગત્નો શિક્ષક હોય એવો દમામ રાખે છે અને એવાં અનેક પ્રકારનાં હીન આચરણો કર્યાં કરે છે, ઉદ્ધત વિચારો કર્યા કરે છે અને તેનું વર્તન બારીકીથી જોયું હોય તો અસત્ય વચનોચ્ચાર, દંભ, માયા, લુચ્ચાઇ, ખટપટ, ખોટી ધમાલ અને નિષિદ્ધ વ્યવહાર એ એના જીવનના લક્ષ્યબિન્દુઓ થઇ ગયા હોય છે. આવાં પરસ્પર વિરોધ દર્શાવનાર કાર્યો કરનાર પ્રાણીની સંગતિ કેવી છે એટલે તેના મિત્રો કેવાં છે તે જો જોયું હોય તો તુરત માલૂમ પડી આવશે કે તે પણ તેવાજ વર્તનવાળા હોય છે, તેઓને પણ એવા પ્રકારની આચરણા પસંદ આવતી હોય છે અને તેઓ પણ અનેક પ્રકારે અન્યને ત્રાસ આપવાનો અથવા ઉપરથી ખોટો દેખાવ કરવાનો ધંધો લઇ બેઠેલા હોય છે. સારા વર્તનવાળા અને ખરાબ વર્તનવાળા પુરૂષોનો વર્તનને અંગે જે મોટો તફાવત છે તે અહીં સ્પષ્ટ જણાય છે. સંયોગોની, સોબતની, સંગતની અસર પ્રાણીપર કેટલી થાય છે તે અહીં પ્રગટ થાય છે અને તેથી જ્યારે આચરણા [illegible] વિચાર કરવામાં આવે અને તેનાં સાધનો સંબંધી પૃચ્છા સુવિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હિત અથવા શિષ્ટ પુરૂષોને કરવામાં આવે ત્યારે તેઓ એકજ જવાબ આપે છે કે તમે તમારા સંયોગો સારા બનાવો, તમારા સંયોગો પ્રબળ બનાવો, તમારા સંયોગો ઉત્તમ બનાવો. નિમિત્ત અનુસાર આ પ્રાણીનું વર્તન થતું હોવાથી સંગતિ બહુ વિચારવા લાયક અસર તેનાપર કરે છે એ બાબત હવે સ્પષ્ટ થઈ હશે.

અહીં સાથે એટલું જણાવવું ઉચિત છે કે જેમ આપણા ઉપર આપણા સોબતીની અસર થાય છે તેમ તેના ઉપર આપણી પણ અસર થાય છે અને તેથી જો આપણી ખરાબ અસર અન્ય કોઇ પણ પ્રાણી ઉપર થતી હોય તો તેના અનિષ્ટ વર્તન માટે આપણે જવાબદાર થઇએ છીએ, કારણ કે નિમિત્ત અથવા નિમિત્તના કારણોત્પાદક પણ નૈતિક દૃષ્ટિએ એક રીતે જવાબદાર ગણાય છે. આથી આપણા પોતાના હિત ખાતર શુદ્ધ વર્તન કરવાની જરૂર હોવા ઉપરાંત સમુચ્ચય મનુષ્ય જાતિની ઉન્નતિ માટે પણ આપણે વર્તન ઉચ્ચ રાખવું ઉચિત છે, કારણકે આપણા સંબંધમાં આવનારના ચારિત્ર બંધારણ માટે અમુક અપેક્ષાએ આપણી જવાબદારી રહે છે.

'તુખમે તાસીર' 'સોબતે અસર' આ બન્ને જાણીતી કહેવતો છે. એનો વિશિષ્ટ ભાવ આપણે ઉપર વિચારી ગયા. હવે એક સજ્જનની સોબત કેવી અસર કરનારી થાય છે તે આપણે વિચારીએ. ત્યાં સજ્જન કોને કહેવા તેની વિચારણા અગાઉ થઇ ગઈ છે. આપણે પ્રથમ સજ્જનમાં વ્યવહારમાં ઉત્તમ વર્તનવાળા મનુષ્યને લઇએ તો તેની સોબતમાં આવનાર પ્રાણી અથવા તેનો સંબંધી જ્યારે વર્તન કરવાનો પ્રસંગ આવશે ત્યારે જરૂર તેની સલાહ પૂછશે. સજ્જન પોતે ઉચ્ચ વિચારનો હોવાથી તેનો અભિપ્રાય અથવા સલાહ પૂછવામાં આવતાં તે જરૂર સત્ય સલાહ આપશે અને સત્ય (પ્રમાણિક) માર્ગે વર્તવાથી થતા ફાયદાઓ ગણી બતાવશે, પોતે સજ્જન હોવાથી તેની સલાહ કદિ ખોટી આવવાનો સંભવ રહેતો નથી અને પરિણામે કદાચ તાત્કાલિક નુકશાન થાય તો પણ અંતે સત્યનો જય થયા વગર રહેતો નથી અને તદુપરાંત સ્વાત્મસંતોષ થાય છે તે બીજો મોટો લાભ છે. નિષિદ્ધ આચરણ કર્યા પછી મનમાં કેવાં શલ્યો રહે છે, ખોટી વાતને નીભાવવા ખાતર બીજાં કેટલાં અસત્ય આચરણો કરવાં પડે છે અને તે ખાતર મનને, વિચારને અને આત્માને કેટલા ગોટા વાળવા પડે છે તેની જો એકવાર કલ્પના કરી હોય તો સત્ય માર્ગના આચરણમાં રહેલા સંતોષસુખ અને આત્મનિવૃત્તિ માટે આનંદ આવ્યા વગર રહે નહિ. પરિણામે નુકશાન સત્ય વર્તનથી થતું નથીજ. પરંતુ કદાચ તેટલો વખત મનની સ્થિરતા ન રહે તો પણ ખોટા ગોટાળામાં મનને વિપત્તિ થાય છે અને સત્યમાં સંતોષ થાય છે, ફરજ બજાવ્યાની આનંદવૃત્તિ રહે છે. તેની સરખામણી કરી હોય તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેવા પ્રકારનું વર્તન ઇષ્ટ છે તે સ્પષ્ટ જણાય. પ્રાણીને માનસિક અને આધ્યાત્મિક સુખ આપનાર વર્તન સજ્જનની સંગતિથી થાય છે અને તેથી સજ્જન સંગતિ કરવી તે ઉચિત છે, કર્તવ્ય છે, લાભ અને આનંદ આપનાર છે એમ સ્પષ્ટ જણાઇ આવે છે.

હવે આપણે સત્સંગમાં વ્યવહારથી ઉંચા આવેલા વિશુદ્ધ ચારિત્રવાન્ ત્યાગી વૈરાગી મહા પુરૂષોને લઇએ અને તેઓનો પ્રસંગ પાડવો, તેનેજ સત્સંગ કહેવામાં આવે છે તેથી તેના લાભપર વિચાર કરીએ. અહીં સંગ થાય છે તે પરિચયને અંગે નહિ પણ શ્રવણ વિચારણાને અંગે થાય છે. સાધુસંતો વ્યવહારમાં ભાગ અલ્પ લે છે અથવા બહુધા લેતાજ નથી, તેથી તેઓની સાથે સંગ થાય તે સોબતના અર્થ કરતાં પરિચયના અર્થમાં વિશેષ ઘટે છે. એવા સત્સંગના અનેક લાભ છે તેપર વિચાર કરવો તે અત્ર ખાસ પ્રસ્તુત છે.

ખરેખરા સંત પુરૂષોના સંબંધમાં આવવાથી અંતરાત્માને બહુ આનંદ થાય છે. સંસારનાં અનેક દુઃખોથી તપ્ત થયેલ પ્રાણી જ્યારે આવા સંત પુરૂષો પાસે આવે છે ત્યારે તે પોતાનાં દુઃખો વિસરી જાય છે. સંત પુરૂષો પોતે શાંત અને સાત્વિક ગુણવાળા તથા સૌમ્ય પ્રકૃતિવાળા હોવાથી તેઓની આજુબાજુનું વાતાવરણ પણ શાંતજ હોય છે; તેઓની પાસે વ્યવહારની અર્થ પરિણામ વગરની ધમાધમ હોતી નથી, મનને અવ્યવસ્થિત રીતે દોરનાર સ્થૂળ સુખમાં આસક્તિ હોતી નથી અને ચિત્તને વ્યાકુળ કરનાર કામ, ક્રોધ, લોભાદિ મનોવિકાર હોતા નથી. આવા સંત પુરૂષો પાસે જ્યારે પરિચય કરવા માટે જવાનું બની આવે છે ત્યારે સ્વાભાવિક રીતે ચેતન અતિ વિપુળ આનંદ દશાનો અનુભવ કરે છે. ત્યાં ચેતનની ઉત્ક્રાન્તિ કેમ થાય, કોણે કરી, કરવાથી કેવો આનંદ થાય. તેને લગતી, તેનાં સાધનોને લગતી અને તેના શુદ્ધ આશયના સંબંધની વાતો ચાલે છે. ત્યાં બહુધા જે પ્રાણીઓ આવે છે તે સંત દશા પ્રાપ્ત થયેલા અથવા પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા આવે છે, અને તેથી પરિચય બહુ સારો રહે છે, નકામી વાતો કે ખટપટો થતી નથી અને પરનિન્દા કે અવર્ણવાદ બોલવાનો કે સાંભળવાનો પ્રસંગજ પ્રાપ્ત થતો નથી. આવા સજ્જનના સંગના સંબંધમાં એક વ્યવહારનો શ્લોક છે કે '[1]ચંદન લોકમાં શીતળ શાંતિ આપનાર છે, તેનાથી પણ વધારે શાંતિ આપનાર ચંદ્ર છે અને ચંદન અને ચંદ્રથી પણ વધારે શાંતિ આપનાર સાધુની સંગતિ છે.' શરીરમાં ગમે તેવો દાહજ્વર થયો હોય તેની શાંતિ ચંદનથી થાય છે, પરંતુ

१ चन्दनं शीतलं लोके, चन्दनादपि चन्द्रमा ।
चन्द्रचन्दनयोर्मध्ये, शीतला साधुसंगतिः ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ સ્થૂળ છે અને સાધુ સંગતિથી મનમાં જે આનંદ થાય છે તે માનસિક અને આત્મિક છે અને સ્થૂળ આનંદ કરતાં માનસિક આનંદ અતિ વધારે વાસ્તવિક સુખ આપનાર હોવાથી સાધુ સંગતિની વિશિષ્ટતા અત્ર બતાવી છે. આ હકીકત બરાબર અવલોકનપૂર્વક અનુભવ કરવાથી સમજવામાં આવે તેમ છે. એમાં જે ખાસ લક્ષ્ય ખેંચનાર બાબત છે તે શીતળ શબ્દ છે. શીતળ શબ્દની સાથે જે સુંદર ભાવ રહ્યો છે તે અલૌકિક છે. સખત ગરમીમાં ચાલતી વખતે પ્રચંડ સૂર્ય કિરણો ઉનાળાની ઋતુમાં પ્રાણીને પરસેવાની શેરો કઢાવતા હોય તે વખતે શીતળ જળ કે પવન મળે તે કેટલો આનંદ આપે છે તે તો અનુભવ કરી શકાય તેવી બાબત છે. ચંદનની શીતળતા તો બહુધા વ્યાધિ પ્રસંગે સમજાય છે, પરંતુ આ શીતળતા તો ઘણીવાર અનુભવાય છે. એના ગર્ભમાં જે સુખ રહેલું છે, તેનાથી અતિ વિશિષ્ટ સુખ માનસિક શીતળતામાં રહેલું છે તે તત્ત્વદૃષ્ટિવડે વિચાર કરનારને અનેક પ્રસંગે જણાય છે. જીવનના અનેક મનોયત્નોનો નિર્ણય કરતી વખતે મનમાં જે શીતળતા થાય છે તે અનુભવવા યોગ્ય છે. આ સર્વથી પણ અતિ વિશિષ્ટ શીતળતા સાધુસંગતિ વખતે થાય છે એમ અત્ર કહેવાનો આશય છે. ચંદનના કરતાં ચંદ્રની શીતળતા વધારે કહી તેનો આશય એમ જણાય છે કે ચંદનની શીતળતા અલ્પકાલિન સ્થૂળ છે જ્યારે ચંદ્રની દીર્ઘકાલિન છે. વળી પૂર્ણિમાની વાદળા વગરની રાત્રિએ શાંત જગત્માં ફરતાં માનસિક આનંદ થાય છે. સાધુસંગતિમાં આત્મિક શીતળતા થાય છે તે સ્થૂળ અને માનસિક શીતળતાં કરતાં અત્યંત વધારે છે એ અત્ર વક્તવ્ય છે.

સત્સંગનો આવો મહિમા છે. એનાથી સાત્વિક ગુણના પ્રસંગો એવા સુંદર રીતે પ્રાપ્ત થાય છે કે એનો આનંદ અવર્ણનીય છે અને એમાં ખાસ લાભ એ છે કે એ લાભ લેવા જતા અન્યને નુકશાન કરવું પડતું નથી. સાધારણ રીતે વ્યવહારમાં એક માણસ સો રૂપીઆ પેદા કરે તો તે બીજાના જાય છે એટલે જેટલે અંશે બીજાને નુકશાન થાય તેટલે અંશે આ પ્રાણીને લાભ થાય છે, પરંતુ સત્સંગમાં કોઇને નુકશાન થયા વગર લાભ થાય છે. આ તેની ખાસ વિશેષતા છે અને તે વ્યાપારી નજરથી દરેક બાબત જોનાર અને તુલના કરનારે પણ ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

સત્સંગથી આવો મહાન્ સીધો લાભ થાય છે તદુપરાંત વ્યવહારૂ દૃષ્ટિએ બીજા અનેક લાભો થાય છે તે પર આપણે વિચાર કરીએ. એ લાભો એટલા બધા છે કે તે પર વિવેચન કરતાં તો પાનાઓ ભરાય, પણ સત્સંગ ખાસ કરવા યોગ્ય છે એમ બતાવવા માટે હકીકત ઘણી મજબૂત કરવા પૂરતા થોડાક લાભો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણે હાલ વિચારી જઇએ. ત્યાં એ સંબંધમાં એક સંસ્કૃત શ્લોક[1] ભર્તૃહરિએ લખી કેટલાક લાભો તેમાં બતાવ્યા છે અને છેવટે કહ્યું છે કે સત્સંગતિ પ્રાણી માટે શું શું નથી કરતી? તેના કહેવાનો આશય એ છે કે ગણાવેલા લાભો ઉપરાંત બીજા અનેક લાભો કરનાર તે છે. એ શ્લોકમાં તેણે ગણાવેલા લાભો પર વિચાર કરી જવા યોગ્ય છે, કારણ કે તે શ્લોક બહુ વિશાળ હૃદયથી અને ઘણા અનુભવના પરિણામ તરીકે લખાયેલો હોય એમ જણાય છે.

સત્સંગનો પ્રથમ લાભ એ ગણાવામાં આવ્યો છે કે તે બુદ્ધિની જડતાને દૂર કરે છે. આ વિવેચનને અંગે પ્રથમ જણાવવું યોગ્ય થઇ પડશે કે અહીં સત્સંગ શબ્દ મહાત્મા પુરૂષોના પરિચયના અર્થમાં વપરાયેલ છે. એવા મહાત્મા પુરૂષો જેઓના ઉપર જગતની લાલચો બહુ ઓછી અસર કરે છે અને જેઓ ઉન્નત દશાનો અનુભવ કરતા હોય છે તેઓના વિચારો અને ભાવના બહુ ઉચ્ચ દશામાં વર્તતા હોય છે. એને પરિણામે તેઓના સંબંધમાં આવનાર સત્સંગાભિલાષી પ્રાણીની સાથે જ્યારે તેઓ વાત કરે છે અથવા સકળ શ્રોતાજનોને ઉદ્દેશીને કાંઇ ઉપદેશ આપે છે ત્યારે તે સ્વાર્થ વગરની અને પરમ હિત થાય તેવા દૃષ્ટિબિન્દુને ધ્યાનમાં રાખીને વાત કરે છે. સત્સંગ કરનાર પ્રાયઃ સંસારરસિક અને ક્ષણસુખાભિલાષી હોવાથી દીર્ઘ દૃષ્ટિથી અમુક કાર્યપર નજર રાખી શકતો નથી અને તેના અવલોકનનો પંથ અતિ સ્થૂળ અને નાનો હોવાથી તે બહુ સ્ખલના કરે છે. આવા પ્રકારની બુદ્ધિની જડતા કે જેના એક અનિવાર્ય પરિણામ તરીકે સ્વાર્થવૃત્તિ તરફ વિશેષ દોરાઈ જવાનું થાય છે તેનો સત્સંગથી નાશ થાય છે. પછી પ્રાણી વિશાળ દૃષ્ટિથી વિચારણા કરતા શીખે છે અને કોઇ પણ કાર્ય ટુંકી દૃષ્ટિ મર્યાદાથી કરવાની અથવા તેનાં પરિણામો વિચારવાની ટેવ પડી ગયેલી હોય છે તે દૂર થાય છે. આ નિયમ એક ધર્માત્મા મહાપુરૂષનેજ લાગુ પડે છે એટલુંજ નહિ પણ વ્યવહાર કુશળ સજ્જન પુરૂષોને પણ લાગુ પડે છે. તેની વિશાળ દૃષ્ટિ હોવાથી તેની સોબત અથવા સલાહ માગનાર જ્યારે કોઇ પ્રસંગ પર સલાહ પૂછે છે ત્યારે તેમાં ટુંકી દૃષ્ટિની સલાહ તેને મળતીજ નથી અને તેથી તેનામાં બુદ્ધિની મંદતા હોય છે તે દૂર થાય છે. અમુક પ્રસંગ માટે સલાહ લેવાની છે એમ ધારીએ તો પણ આવા સજ્જન અથવા મહાત્માઓના

१ जाड्यं धियो हरति सिञ्चति वाचि सत्यं,
मानोन्नतिं दिशति पापमपाकरोति ।
चेतः प्रसादयति दिक्षु तनोति कीर्तिं,
सत्संगतिः कथय किं न करोति पुंसाम् ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રસંગમાં વારંવાર જે ચર્ચા ચાલે છે અથવા ઉપદેશો સાંભળવામાં આવે છે તે એટલા વિશાળ દૃષ્ટિથી ઉદ્ભવેલા હોય છે કે તેને પરિણામે બુદ્ધિની જડતા પરિચય કરનારમાં રહેતી નથી. વ્યવહારના કાર્યને અંગે પ્રાણીને પોતાની ક્ષણિક વૃત્તિ તૃપ્ત કરવાની અથવા રૂઢ વિચારોને વળગી રહેવાની ટેવ પડેલી હોય છે તેને બદલે વિશાળ નજરથી પરના હિત તરફ અને તે પણ વધારે વખત સુધી ચાલે તેવા હિત તરફ નજર કરવાની પદ્ધતિ આવા પરિચયથી પ્રાપ્ત થઇ જાય છે. પછી તેને વારંવાર વિચાર થાય છે કે અમુક કાર્ય કરવામાં ઘણી સંખ્યામાં પ્રાણીઓનું ઘણા વખત સુધી ચાલે તેવું હિત થાય તેમ છે તેથી તે-દ્વારા થોડા માનને ભોગે પણ કામ કરવું ઉચિત ગણાય. આથી વ્યવહારની ચાલી આવતી જુના વખતને યોગ્ય પણ વર્તમાન સમયમાં તદ્દન નકામી અથવા કેટલીક વાર પાછી પાડનારી રૂઢિઓ ઉપર તે વિચારણા કરી પ્રવૃત્તિ કરે છે. તેવીજ રીતે ધર્મની બાબતમાં આત્મીય ઉન્નતિ કેમ થાય તે વિચારણાથી તે ચાલે છે. બાહ્ય દૃષ્ટિના ધર્મો અને અંતરંગ દૃષ્ટિના ધર્મોના તફાવત શું છે અને તેને અંગે પોતાનું યોગ્ય સ્થાન શું છે અને કેવા આંતર આશયથી કરેલ કાર્યો ચેતનની પ્રગતિ વધારે છે અને ઉત્ક્રાન્તિમાં આગળ કરે છે—એવા એવા અનેક વિશુદ્ધ વિચારો તે કરે છે. પછી તેને બાહ્ય ભાવમાં આનંદ આવતો નથી, ઉપર ઉપરથી ધર્મીષ્ટ દેખાવાના મોહમાં તે ફસાઇ જતો નથી અને ધર્મને નામે વ્યવહાર ચલાવી પોતાની આત્મસમૃદ્ધિને ગુમાવતો નથી. આવી વિશાળ વૃત્તિ સત્સંગથી થાય છે. આવો અતિ સુંદર લાભ સત્સંગથી થાય છે એમાં જરાપણ અતિશયોક્તિ જેવું નથી, કારણકે જ્યાંસુધી પ્રાણી પોતાની નાની દુનિયામાં વિહાર કરતો હોય છે ત્યાં સુધી એને વિશાળ વિચારો કરવાના પ્રસંગો અલ્પ આવે છે અને તે વખતે પોતાના મતિમાંદ્યથી આગળ વધેલા વિચાર કરનારને તે અનેક હાસ્યજનક ઉપનામો આપી હસે છે, પરંતુ જ્યારે પોતે અન્ય વિશેષજ્ઞના પરિચયમાં આવે છે ત્યારે પોતાની દૃષ્ટિ કેટલી ટુંકી હતી અને પોતાનું લક્ષ્યબિન્દુ કેટલું ખોટું હતું તે જાણે છે અને જાણવાની સાથે પોતાનો ભ્રમ દૂર થાય છે. વ્યવહારમાં અને ધર્મમાં અથવા સ્થૂળ અને આત્મિક સૃષ્ટિમાં આ પ્રમાણે અનેક પ્રસંગે બને છે એ જરા વિચાર કરવાથી—બારીકીથી અવલોકન કરવાથી જણાઇ આવશે.

અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રશ્નોત્તર.

**એક શ્રાવકે કરેલા પ્રશ્નોના ગુરૂગમથી લખી મોકલેલા ઉત્તરો.**

પ્રશ્ન (૧) સાત નારકીનો એક દંડક લીધો અને ભુવનપતિના દશ દંડક લીધા તો સાત નારકીના સાત દંડક કેમ ન લીધા?

ઉત્તર સાત નારકીનો એક દંડક અને ભુવનપતિના દશ દંડક ગણવામાં કર્ત્તાની વિવક્ષા સિવાય બીજું કાંઇ કારણ વાંચવામાં આવ્યું નથી.

પ્ર૦ (૨) નારકીના નામ અને ગોત્ર જે બતાવવામાં આવ્યા છે તેમાં નામ શું અને ગોત્ર શું? એ પૃથ્વી જેવી છે, તેવુંજ તેના ગોત્રનું નામ છે તો પછી બીજું નામ શા ઉપરથી પડ્યું?

ઉ૦ સાત નારકીના નામને તેના ગોત્રના નામ જુદા જુદા કહેવાનો હેતુ વાંચવામાં આવેલ નથી.

પ્ર૦ (૩) પરમાધામીનું ઉત્પત્તિ સ્થાન કયાં છે, અને તે નારકીને દુઃખ આપે છે તો ઉત્તર વૈક્રિય શરીરે કે મૂળ શરીરે અને દુઃખ આપવાથી જે કર્મ બંધાય છે તેના તે ભોક્તા છે કે નહીં?

ઉ૦ પરમાધામી, ભુવનપતિ પૈકી અસુરકુમાર નીકાયના દેવો છે. તેઓ ઘણે ભાગે ઉત્તર વૈક્રિય શરીરે નરકાવાસામાં જાય છે. મૂળ શરીરે જવામાં પણ બાધક નથી. તેઓ જેવા જેવા અધ્યવસાયથી નારકી જીવોને દુઃખ આપે છે તેવા પ્રકારનો તેને કર્મબંધ થાય છે, અને તેનું ફળ તેને ભોગવવુંજ પડે છે.

પ્ર૦ (૪) જાંભક દેવતાનું ઉત્પત્તિ સ્થાન કયાં છે? તિર્ચ્છાલોકમાં તેના ક્રિડા સ્થાન છે કે કેમ?

ઉ૦ તિર્યગ્જૃંભક દેવતાઓના ઉત્પત્તિ સ્થાન ને ક્રિડાસ્થાન બન્ને તિર્છાલોકમાં છે. તેઓ વ્યંતર જાતિના દેવો છે, તેના નામની અંદરજ તિર્યગ્શબ્દ તેનું સ્થાન સૂચવે છે. વ્યંતરો પણ બધા તિર્છાલોકવાસીજ છે.

પ્ર૦ (૫) અગ્ની ખૂણમાં સૂક્ષ્મ જીવોને ત્રણ દિશીનો આહાર છે તેનું શું કારણ? વધારે દિશીનો કેમ નથી?

ઉ૦ લોકને અંતે જ્યાં જ્યાં ખૂણા પડેલા છે, ત્યાં ત્યાં સૂક્ષ્મ જીવો જે પ્રાંત ભાગમાં રહેલા હોય છે, તેને ત્રણ દિશાઓ તરફજ આહાર ગ્રહણ યોગ્ય પુદ્ગળો હોવાથી ત્રણ દિશાઓનો આહાર કહેલો છે.

પ્ર૦ (૬) મૈથુનમાં નવ લક્ષ પ્રમાણ જીવની ઉત્પત્તિ છે તે ગર્ભજની કે સમુર્છીમની?

ઉ૦ સ્ત્રી સાથેના સંયોગથી અસંખ્ય બે ઇંદ્રી જીવો હણાય છે. અસંખ્ય સંમુર્છીમ પંચેંદ્રી જીવોની ઉત્પત્તિ થાય છે અને નવ લાખ સુધી ગર્ભજ પંચેંદ્રી મનુષ્ય ઉપજવાનો સંભવ છે. તેનો પણ પરિણામે બહુધા વિનાશજ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ ( ૭ ) વૈક્રિય શરીરીને શુક્ર હોતું નથી, તોપછી મૈથુનની તૃપ્તિજ શી રીતે થતી હશે ? ચક્રવર્તી વૈક્રિય શરીરથી મૈથુન ક્રિયા કરે છે તોપણ પુત્રોત્પત્તિ તો થાય છે; તે પ્રમાણે દેવતાને કેમ નથી થતી ?

ઉ૦ વૈક્રિય શરીરમાંથી પણ એવા પુદ્‌ગળો સંક્રમાવવામાં આવે છે કે જેથી મૈથુનની તૃપ્તિ થાય છે. પરંતુ તે પુદ્‌ગળો વૈક્રિય વર્ગણાના હોવાથી તેનાથી દેવાંગનાઓને ગર્ભ રહેતો નથી. ચક્રવર્તી વૈક્રિય શરીરવડે પણ પુદ્‌ગળો ઔદારિક સંક્રમાવે છે કે જેથી સ્ત્રી રત્ન સિવાય અન્ય સ્ત્રીઓને ગર્ભ ધારણ થઈ શકે છે.

પ્ર૦ ( ૮ ) જીવ છ પદ બાંધી આવે છે ( ગતિ, સ્થિતિ, જાતિ, અનુભાગ, અવગાહ અને પ્રદેશ ) તો તે પ્રમાણેજ ક્રિયા કરે કે, નવીન રીતે બીજું બાંધે ખરો ?

ઉ૦ જીવ છ પદ બાંધીને આવે છે, એ વાત કયાં કહેલી છે ? તે જણાવવું. બાકી ગતિ, જાતિ વિગેરે જેવા બાંધીને આવે તેવાજ કાયમ રહે. અને સ્થિતિ, અનુભાગ, પ્રદેશાદિમાં ફેરફાર થાય છે, તેને માટે કર્મગ્રંથ, કર્મ પ્રકૃતિ, પંચ સંગ્રહાદિ ગ્રંથો જોવા. વિસ્તારના કારણથી અહીં લખેલ નથી.

પ્ર૦ ( ૯ ) ષટ્ દ્રવ્યમાં અગુરૂ લઘુ થાય છે, તો તે અલોકમાં આકાશાસ્તિકાયમાં શી રીતે ઘટે ?

ઉ૦ અલોકમાં આકાશાસ્તિકાયમાં અગુરૂલઘુપણું છે. તેનું સ્વરૂપ સર્વજ્ઞ ગોચર છે, વાણીદ્વારા કહેવાય તેવું નથી.

પ્ર૦ ( ૧૦ ) કેવળીમાં મુક કેવળી, મુંડ કેવળી અને અશોચ્ચા કેવળી શાસ્ત્રમાં કહ્યા છે, તેની વ્યાખ્યા પૂર્ણ રીતે સમજાવશો. મુંગા કેવળી કેમ ન બોલે, ઉપદેશ ન આપે તેનું શું કારણ ?

ઉ૦ મુક કેવળી જે મુંગા છતાં કેવળજ્ઞાન પામે તે. અશોચ્ચા કેવળી જેમણે ધર્મ સાંભળ્યોજ ન હોય તે, અને મુંડ કેવળી સમકિત પામી ચારિત્ર ગ્રહણ કરી કેવળજ્ઞાન પામે તે. તેમાં મુક કેવળી અસાતાનો ઉદય હોવાથી કેવળી થયા છતાં મુક ( મુંગા )જ રહે છે, તેથી તેઓ ઉપદેશ આપી શકતા નથી, અને અશોચ્ચા કેવળીએ ધર્મ સાંભળ્યો નથી, તેથી પૂછે તેનો જવાબ આપે છે પણ ધર્મદેશના દેતા નથી. મુંડ કેવળી તો દેશના આપેજ છે.

પ્ર૦ ( ૧૧ ) દ્રવ્યકર્મથી ભાવકર્મ થાય કે ભાવકર્મથી દ્રવ્યકર્મ થાય ?

ઉ૦ દ્રવ્ય કર્મને ભાવ કર્મ પરસ્પર એક બીજાના કારણરૂપે ને કાર્યરૂપે થયા કરેછે.

પ્ર૦ ( ૧૨ ) શુક્લ પક્ષીને પ્રવચનની પ્રાપ્તિ, અને માર્ગાનુસારીના ગુણ કેટલો સંસાર બાકી હોય ત્યારે થાય ?

ઉ૦ શુક્લ પક્ષીને માર્ગાનુસારીપણું એક પુદ્‌ગળ પરાવર્તન સંસાર બાકી રહે ત્યારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે. પ્રવચન પ્રાપ્તિરૂપ ભેદ વાંચવામાં આવ્યો નથી. તમે તેનું સ્થળ જણાવશો. જો પ્રવચન શબ્દે સમકિત કહેતા હો તો તે વધારેમાં વધારે અર્ધ પુદ્ગળ પરાવર્ત્ત સંસાર રહે ત્યારે પ્રાપ્ત થઇ શકે છે.

પ્ર૦ (૧૩) ચોરાશી લાખ યોનીની મૂળ યોની ૪૨૦૦) થાય છે તો લાખે પચાસ લીધી છે, તેનું શું કારણ?

ઉ૦ ચોરાશી લાખ યોનીની મૂળ યોની ૪૨૦૦) થાય છે. એમ કયાં કહ્યું છે તે જણાવશો અને તેની વિગત જણાવશો?

પ્ર૦ (૧૪) આઠે કર્મની ઉદીરણા શી રીતે થઇ શકે, તેનો વીવરો આઠે કર્મવાર જુદો જુદો દ્રષ્ટાંતપૂર્વક બતાવશો?

ઉ૦ આઠે કર્મની ઉદીરણા કેમ થાય તે સંક્ષેપમાં જણાવી શકાય તેમ નથી તેને માટે કર્મપ્રકૃતિ ગ્રંથમાંથી ઉદીરણા પ્રકરણ વાંચવાની જરૂર છે.

પ્ર૦ (૧૫) ઇચ્છિત વસ્તુ કલ્પવૃક્ષ આપે છે, તો તે સ્વભાવથી કે અધિષ્ઠાયિક દેવની સહાયથી?

ઉ૦ કલ્પવૃક્ષો યુગળિકને ઇચ્છિત વસ્તુ આપે છે તો સ્વભાવેજ તે પ્રમાણે પરિણમે છે, તે વૃક્ષો દેવાધિષ્ઠિત નથી ને તેને દેવતા આપતા નથી. અન્ય કલ્પવૃક્ષો દેવાધિષ્ઠિત પણ હોય છે. અને તેની યાચના કરવાથી તે દેવો વાંછિત આપે છે.

પ્ર૦ (૧૬) પેલા દેવલોકની દેવીને ત્રીજા દેવલોકે બોલાવે છે એમ દેવી શા ઉપરથી જાણે, કારણ કે ઉંચું તો પોતાના વિમાનની ધ્વજા સુધી દેખે છે?

ઉ૦ પેલા, બીજા દેવલોકની દેવી ઉપરના દેવલોકના સ્વયોગ્ય દેવ પોતાને યાદ કરે છે, એમ પોતાના શરીરમાં થતી ચેષ્ટાઓથી જાણે છે અને તેથી તે આઠમા દેવલોક સુધી જઇ પણ શકે છે.

# बाळकोनो मानसिक विकास.

નાની ઉમ્મરમાં માબાપ થવાની ઇચ્છા કરવા પહેલાં તે હોદ્દો પ્રાપ્ત કરતાં કેટલી જોખમદારી વધે છે તે બહુ વિચારવાની જરૂર છે. જેવી રીતે આર્ટ કે કાયદાની ડીગ્રી મેળવવા માટે અભ્યાસ કરવો પડે છે, સખત મહેનત કરવી પડે છે, પરીક્ષાઓ પસાર કરવી પડે છે, તેવીજ રીતે **માબાપ**રૂપી માનવંતી ડીગ્રી પ્રાપ્ત કરવા પૂર્વે તે પરીક્ષામાં પાસ થવા માટે તેવા અભ્યાસની ખાસ જરૂર છે. બાળકનું મન કેવી રીતે કેળવાય, દુનિયાને તે ઉપયોગી કેમ થઈ શકે, તેના અનુભવને માટે પ્રથમ **માબાપ** થનારે તે બાબતનું જ્ઞાન મેળવવાની જરૂરછે.

જેમ જેમ મગજ કુમળું હોય, તેમ તેમ તેમાં જે અસર કરવા ધારીએ તે થઇ શકે છે. તેવા વખતે તેના મગજ ઉપર, હૃદય ઉપર જેવી છાપ પાડવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે તેવી આખા જીવનમાં ચાલુ રહે છે. કોઇ એવા અસાધારણ પ્રસંગને લીધે કદાચ પડેલી છાપ ભુંસાય, બાકી તો બાળપણમાં બાળકના મગજ ઉપર જેવા વર્તનની છાપ પાડવામાં આવે તેવુંજ વર્તનશીળ તે થાય છે. જો પાડવામાં આવતી છાપ અનીતિમય હોય, તો તે તેના જીવનમાં એક કલંકરૂપે રહે છે, અને જો તેને સદ્ગુણની છાપ પાડવામાં આવે, તેના હ્રદય ઉપર ઉત્તમ લાગણીઓની અસર કરવામાં આવે તો બાળકનું ત્યાર પછીનું આખું જીવન સદ્ગુણમય બની રહે છે. તે અવસ્થામાં પડેલ છાપ પછીથી સુધારવી બહુજ મુશ્કેલ છે. કદાચ તે ત્યારપછી સારો અભ્યાસી થઇ પોતાના મન ઉપર કાબુ લાવતાં શીખે, તો તેવી વિરૂદ્ધની અસર કરે; પણ તેમાં બહુજ અભ્યાસ, સતત્ ચિંતનની જરૂર રહે છે, અને તે કોઇક અસાધારણ માનસિક બળવાળા સિવાય બીજામાં બનવું મુશ્કેલ છે; તેથીજ **માબાપ** થવા પૂર્વે બાળકના મનને સન્માર્ગે પ્રેરવા કેવી રીતના વર્તનની જરૂર છે તેનો અભ્યાસ કરવાની આવશ્યકતા છે. બાળપણના પડેલ સંસ્કાર રદ કરવામાં બાળકને મહેનત કરવી પડે, તેના કરતાં તે પોતાનું જીવન બહુ ઉપયોગી બનાવી શકવાનો અવકાશ મેળવે, તે માટે બાળપણથીજ તેને સુસંસ્કારોની જરૂર છે. બાળપણથીજ પડેલા શુભ સંસ્કારો તેના મનને ઉમદા બનાવશે, એટલુંજ નહિ પણ લાલચના પ્રસંગમાં પણ તેનું રક્ષણ તેનાથી થઇ શકશે, અને મુશ્કેલીના પ્રસંગમાં એક રક્ષણકર્તા તરીકે તે સંસ્કાર ઉપયોગી નીવડશે, અને તે બાળકને તેના આખા જીવનમાં સારાં કાર્યો માટેજ મનની પ્રેરણા મળ્યા કરશે; તે માટે બાળપણથીજ સુસંસ્કારોની જરૂર છે.

જ્યારે આપણે એમ જાણીએ છીએ કે બાળકના મન ઉપર કુસંસ્કારો પડવાથી તે સમાજને ભારરૂપ થશે, અને સુસંસ્કારોની છાપથી તેના ચળકતા ભવિષ્યની આશા રહે છે, ત્યારે બાળકના મગજ ઉપર સુસંસ્કારોની જ છાપ પાડવા માટે આપણે-તેના માબાપે સર્વદા પ્રયત્ન કરવો જોઇએ. બાળકના સંસ્કારની બાબતમાં તેના ઉપર જે ભાષા ઘરમાં વપરાતી હોય તેની અસર તરતજ થાય છે. માબાપ, શિક્ષક, અગર બીજાઓ તરફથી તેની સમક્ષ જે ભાષા વાપરવામાં આવે છે, જેવા ઉચ્ચાર કરવામાં આવે છે તેની અસર તરતજ તેના મગજ ઉપર થાય છે. બાળક ગમે તેટલી ઉમરનું હોય, કહો કે ચાર છ મહિનાનું હોય, તોપણ જેવી વાતચીત તેના સમક્ષ થાય છે, તેના ઉપરથી તેના મગજ ઉપર અવશ્ય તેવી છાપ પડેજ છે. અનીતિમય વાક્યો, ખોટે રસ્તે દોરનારા જે જે વિચારો બાળકની રૂબરૂ કરવામાં આવે છે, તે બાળકના માનસિક બાગની ખીલવણીમાં નુકશાનકર્તાજ નીવડે છે. આવા ઘણા માનસિક બાગો બાળપણથીજ બગાડી મુકવામાં આવે છે. તેના રોપાઓને ઉગવા દેવામાં આવતાજ નથી. આખા દિવસમાં બારીકીથી તપાસ કરશો તો તમને માલૂમ પડશે કે તમે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવા ઘણા સ્ત્રી પુરૂષોને વહન નકામું બોજારૂપ જીવન ગાળતા દેખશો, કે જેઓ બાળપણથીજ નહિ ઇચ્છવા લાયક માનસિક અસરના નકામા રોપાઓથી જો તેનો માનસિક બાગ બગાડી નાખવામાં આવ્યો ન હોત તો પછીના જીવનમાં તેઓનાં મનરૂપી બાગ એક સુંદર વાડીના રૂપમાં ખીલી નીકળત, તેઓનું જીવન અનેક મનુષ્યોને ઉપયોગી થઈ શકત. તેથીજ ઘરમાં બાળક સમક્ષ બોલાતી ભાષા સુનિતિના શુભ સંસ્કારોથી સંસ્કારિત હોવાની ખાસ જરૂર છે.

વળી બની શકે તેવા પ્રમાણમાં બાળકની આસપાસ અભ્યાસનું-નૈતિક મહત્વતાનું સામ્રાજ્ય પ્રસરી રહે તેવી ગોઠવણ કરવાની ખાસ જરૂર છે. આ દુનિયાને-આપણા દેશને ઉમદા સ્વભાવવાળા-સ્વદેશ હિતવત્સલ મનુષ્યોની ખાસ અગત્યતા છે; અને તેવી લાગણીવાળું બાળક થાય તે માટે તેવા વાતાવરણમાં બાળકને ઉછેરવાની જરૂર છે. હલકી પ્રકૃતિના નોકરોના હાથમાં બાળકને સોંપવાથી તેનું માનસિક સૌંદર્ય વિનાશ પામે છે, તેનામાં અનિતિમય વિચારો પ્રવેશે છે, અને પ્રાંતે તે હલકા માર્ગ ઉપર ઉતરી જાય છે. પછીના જીવનમાં તેનાં માઠાં ફળ પ્રત્યક્ષ અનુભવાય છે. તેથી બાળકને નોકરના હાથમાં સોંપતાં પણ તે નોકરની વર્તણુક કેવી છે તે તપાસવાની ખાસ જરૂર છે. એવા અનિતિમય માર્ગે ચાલતા નોકરને ઘરમાં રાખવાજ નહિ. તેનાથી આખું ઘર બગડે છે, અને બાળકો ઉપર તો તેની માઠી અસર થયા વિના રહેતીજ નથી.

બાળકનું મગજ એક સ્લેટ જેવું છે. તેના ઉપર જે લખવા ધારીએ તે લખી શકાય છે. પણ તેના ઉપર જે વાત સત્ય અને ઉપયોગી હોય તે શિવાયની કોઇ પણ હકીકત લખવાનો કોઈને પ્રસંગ મળે તેવી સ્થિતિ પ્રાપ્ત થવા દેવીજ નહિ, તે **માબાપની** ફરજ છે. અસત્ય-**બીન** ઉપયોગી-નકામી બાબતો તેના મગજ ઉપર બોજારૂપે દાખલ નજ થવા દેવી તે ખાસ લક્ષમાં રાખવાની જરૂર છે. જે કાંઇ પણ ચીજ-જે કોઈ પણ વાક્ય કે વિચાર પ્રસંગોપાત બાળકની સમક્ષ મુકવામાં આવે છે, તેની તરતજ તેના નિર્મળ મગજ ઉપર અસર થાય છે અને જે જે માણસના તે પ્રસંગમાં આવે છે તેના વિચારો તે સત્વરજ ગ્રહણ કરે છે, તેથીજ તેની આસપાસ તેના મગજ ઉપર સુસંસ્કારની છાપ પડે તેવું ઉચ્ચ વાતાવરણ ગોઠવવાની જરૂર છે. તે સિવાય બાળકને માબાપે અપૂર્ણ કેળવણી આપીજ કહી શકાય. જ્યાં ઇચ્છા હોય ત્યાં સાધન સ્વતઃજ મળી આવે છે. બાળકની આસપાસ સારૂં વાતાવરણ ફેલાવવાની દ્રઢ ઇચ્છા રાખો, તેવાં પ્રયત્ન સેવો, તેથી અવશ્ય તે પ્રમાણે કાર્યસિદ્ધિ થશેજ-બાળક સુસંસ્કારિત થશે અને તમને તેમજ આખા દેશને ફાયદો થશે.

બાળકનું જેવું ઉપયોગી જીવન આપણે બનાવવા ઇચ્છતા હોઇએ તેવું [illegible] તેની આસપાસ બની રહે તેવું અવશ્ય કર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાની જરૂર છે. જો તમે તેને સ્વદેશહિતૈષી બનાવવા ઇચ્છતા હો તો તેવા મનુષ્યોના દૃષ્ટાંતો બાળપણથીજ તેની સમક્ષ મુકો. વળી જો તમે તેને મોટો ધર્માત્મા બનાવવા ઈચ્છતા હો તો તેવા મહાન્ આચાર્યોના-સાધુજીવનના ચરિત્રો તેને સંભળાવો; મોટો અભ્યાસી-સાયન્સમાં પ્રવીણ બનાવવા તમને ઇચ્છા રહેતી હોય તો તે લાઇનમાં પ્રવીણ થઇ ગયેલા મનુષ્યોના ઉદ્યમ-ખંતની તેને સમજણ આપો; તેવીજ રીતે પરોપકારી, દયાળુ, ઉદાર, કાર્યકુશળ, મોટો વક્તા અગર કવિ, લેખક કે બીજો જે કાંઇ બનાવવા માગતા હો તેવી જાતના સારાં સારાં દૃષ્ટાંતો શોધી તેની સમક્ષ કાળજીપૂર્વક મુકો, તેને સમજાવો કે સૃષ્ટિમાં જે કાંઈ પણ મેળવવા ઈચ્છા રહે છે તે અવશ્ય મળેજ છે, અને પ્રાંતે તમારા પ્રયત્નથી તેની બાળપણથીજ તે તરફ દોરાએલી લાગણીથી તે બાળક જેવો તમે ધારશો તેવો થશેજ.

વળી એક સામાન્ય નિયમ છે કે કોઇ પણ કાર્ય કરવાની મના કરવા કરતાં કોઈ પણ કાર્ય કરવાની તેની વૃત્તિને ઉત્તેજન આપવું તેજ બાળકના મનને ખીલવવામાં પ્રબળ સાધનભૂત થાય છે. બાળકને કોઇ પણ કાર્ય કરવાની ના કહેવી પડે, તેના કરતાં તેવાં કાર્ય તેની પાસે આવેજ નહિ તેવી રીતનાં સાધન ઘરમાં રાખવાં તેજ જરૂરનું છે. એક છરી છુટી પડી હોય, બાળક તે હાથમાં લે, અને કદાચ વાગે, તેથી તેને તે ગ્રહણ કરવાની ના કહેવી પડે તેના કરતાં તે છરી તેની યોગ્ય જગ્યાએ ઉંચે મુકવી તેજ શ્રેયસ્કર છે. બાળકની મગજશક્તિ બહુ તીવ્ર હોય છે. તે સહજ સમજણો થાય-મોટો થાય એટલે અનેક બાબતો તેને જાણવાની બહુ હોંશ થાય છે. જીંદગીનાં અનેક પ્રશ્નો તેનાથી ઉકેલાતા નહિ હોવાથી તેના નવીન નવીન વિચારો તેના મગજમાં ગુંચવાયા કરેછે, અને તે બધા ગુંચવાડા તેના વડીલ પાસે પ્રશ્નોરૂપે તે બહાર કાઢે છે. જાણે કે બાળકમાં સમજશક્તિજ ન હોય, તેનાથી બહાર મુકાતા પ્રશ્નો તે હવાઇ કિલ્લારૂપેજ હોય, તેમ ઘણા માબાપો તરફથી આવી રીતે બાળકો તરફથી પૂછાતા પ્રશ્નો તરફ બેદરકારી બતાવવામાં આવે છે, બલ્કે તે શું સમજે તેમ કહીને તેને ધુત્કારી નાખવામાં આવે છે. બાળકની નવું નવું જાણવાની વૃત્તિ ( Quriosity ) બહુ તીવ્ર હોય છે, તે આવા પ્રત્યુત્તરથી નાશ પામે છે, તેથી બાળક તરફથી જે કાંઈ પ્રશ્નો પૂછવામાં આવે તેનો યોગ્ય જવાબ-જરાપણ ઉતાવળા થયા વગર તેને બરાબર સમજણ પડે તેમ દેવાની દરેક માબાપે અવશ્ય ટેવ પાડવી. બાળક કાંઈ સમજતુંજ નથી તેવું અનુમાન કરી તેના પ્રશ્નોનો જવાબ દેતાં ઢીલ કરવી, અગર જવાબ ન દેતાં તેની અવગણના કરવી, તેનાથી તો બાળકના મગજ ઉપર બહુ ખરાબ અસર થાય છે. તેને કોઈ પણ બાબત સમજવાની ના પાડવાથી તેના જ્ઞાનની હદ બંધાઇ જાય છે; તેને એવી લાગણી થઇ આવે છે કે તેનામાં ખામી છે. તે તેવી વાત જાણવાને અશકત છે. આવી સંકુચિત હદની-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અપૂર્ણતાની તેની માન્યતા પણ તેને નુકશાનકર્તા નીવડે છે. બાળકને તે સંપૂર્ણતાના જ્ઞાનની જરૂર છે. તેને બાળપણાથીજ "તે જે ધારે તે જાણી શકે તેમ છે. તેનું જ્ઞાન વિશાળ છે. તેની ગ્રાહ્ય શક્તિ જે ધારે તે ગ્રહણ કરી શકે તેવી છે." તેવી ભાવના તેના મગજમાં પ્રવેશે તેવું વાતાવરણ તેની આસપાસ રહે તેની ખાસ જરૂર છે: તેથીજ તેના ગમે તે પ્રશ્નોના શાંતિથી યોગ્ય ઉત્તર આપજો; જીંદગીની ગહનતાના, અથવા ધાર્મિક અમુક નિયમો સંબંધીના તેના પ્રશ્નોનો પણ જવાબ જરૂર આપવાનું ચુકતા નહિ.

ઘણા માબાપો બાળકને મારીને–તેને ચૌદમું રત્ન દેખાડીને પોતાના કાબુમાં રાખવા ઇચ્છે છે, પણ આ તેની ભૂલ છે. મારવાથી કોઈ પણ બાળક સુધરતુંજ નથી. જે કાંઇ વાંક માટે તેને શિક્ષા કરવામાં આવે, તે ભૂલ ઉલટી હઠીલાઇથી તેનામાં સજ્જડ થઇને બેસે છે. શાંત રીતે સમજાવવાથી તે ભૂલ તરતજ દૂર કરી શકાય છે. બાળકના મન ઉપર અશ્રદ્ધાના, અપૂર્ણતાના બીજ ચોંટાડનાર, હઠીલાઇ વિગેરે દુર્ગુણો બેસાડનાર માબાપો અગર શિક્ષકોજ ખરેખરી શિક્ષાને તો પાત્ર છે. માર ખાવાથી બાળક નફટ, ચીડીયું થઈ જાય છે. તેનામાં દુર્ગુણોનો આવિર્ભાવ થાય છે, અને શિક્ષા કરીને જે ભુલો સુધારવા માગીએ છીએ, તે ઉલટી વધારે દ્રઢ થાય છે. આમ વારંવાર માર ખાવાથી "પોતે ખરાબ છે, ગુન્હાઓથી ભરપૂર છે, ભૂલોથી અવરાઈ ગયેલો છે" તેવી ભ્રમણા બાળકના મગજમાં થયાજ કરે છે, અને તેવી અસર છેવટે બાળકને બહુજ હાનિકર્તા નીવડે છે. મનમાં અપૂર્ણતાની–ભૂલોની ભ્રમણા, વિચાર શ્રેણિ ઉપજ્યા વગર કોઇ વખત તેવા ગુન્હાવાળા કાર્યો બનતા નથી; તેથીજ આવી રીતની શિક્ષા કરવાથી તેવાં ભૂલભરેલાં કાર્યો નીપજાવવામાં ઉલટા માબાપ સાધનભૂત થતા હોવાથી તેવી માર મારવાની ટેવ કોઇપણ દિવસ ન પાડવી તે ખાસ માબાપે ધ્યાનમાં રાખવું.

બાળકના મગજમાં સદ્ગુણની છાપ પડે તે માટે નાનપણથી જ તેના મગજમાં સદ્ગુણ, ભલમનસાઇ, પવિત્રતા, સત્યતા, અને ઉમદા લાગણીના વિચારો ઠસાવવાની જરૂર છે; વળી તેનાથી વિરૂદ્ધ અસર થાય તેવા વાતાવરણથી તેને દૂર રાખવાની પણ તેટલીજ જરૂર છે. કોઇ પણ બાળક બાળપણથી ખરાબ હોતુંજ નથી; જેવી અસર તેના ઉપર કરવામાં આવે, જેવું વાતાવરણ તેની ફરતું ફેલાવવામાં આવે, જેવા વિચારો તેને ઠસાવવામાં આવે, જેવી વર્તણુક તેની સમક્ષ ચલાવવામાં આવે, તેવોજ તે નીવડે છે. માટેજ બાળપણથી તેની આગળ દુષ્ટ વિચારો સેવવાની જરૂર નથી. બાળકની સમક્ષ તમે અનિયમિત જીવન ગુજારો, વ્યસનો સેવો, અને તેનામાં ઉત્તમતાની આશા રાખો તે માત્ર આશામાંજ રહેવા પૂરતું થાય. જેવું દેખાય તેવુંજ શીખાય છે. બાળકની [illegible] બોલો, તેની પાસે અસત્ય રહેવરાવો, હલકી નિંદા તેની પાસે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉચ્ચારો-તો પછી તે સત્યવાદી કેવી રીતે બને? માટેજ તેના આગળ બહુ ઉત્તમ વર્તનની જરૂર છે. મતલબ કે જો માબાપ પોતાનું જીવન નીતિમય ગાળતાં શીખે, અનીતિના વિચારો દૂરજ મુકે, અશ્રદ્ધા-અપૂર્ણતાના ખ્યાલોને તિલાંજલી આપે, તોજ માબાપની માનવંતી ડીગ્રી લેવામાં તે ફતેહમંદ નીવડે-નહિ તો પોતાનું જીવન બગડેલુંજ હોય છે અને બાળકને કુસંસ્કારોનું શિક્ષણ આપી તેનું જીવન પણ બગાડે છે. અનીતિમય જીવનથી આમ પોતે અને પોતાની પ્રજા બન્ને બગડતી હોવાથી પોતાનું વર્તન બહુ ઉચ્ચ-સંતોષી-નીતિમય રાખવાની જરૂરીઆત સહજજ સમજાય તેમ છે.

વળી વારંવાર બાળકને ઠપકો આપવો તે પણ તેની મગજશક્તિને બગાડનાર છે. ઠપકો આપવાથી તેની લાગણીઓ બુઠ્ઠી થઈ જાય છે, તેને પછીથી કહ્યાની કાંઇ અસર થતીજ નથી. આપણામાં પણ કહેવત છે કે "તેજીને ટુંકારો બસ છે." બાળકનું મગજ તેની નાની ઉમરમાં તો બહુ તેજ હોય છે. તેને ઠપકો આપવાથી તેની તીવ્રતા ઘટી જાય છે, માટે વારંવાર ઠપકો આપવાની ટેવ છોડી દેવી. વળી આપણી માન્યતા પ્રમાણેજ કાર્ય કરવાનો બાળકને કોઇ પણ વખત આગ્રહ કરવો નહિ-હુકમ કરવો નહિ. આપણી વાત સાચી હોય-કરવા લાયક હોય તોપણ વગર સમજણે બાળકે તે કરવુંજ જોઇએ તેમ કદી પણ તેને હુકમ કરવો નહિ. તેની પાસે જે કાંઇ કાર્ય કરાવવું હોય, તે માટે તેને શાંતિથી સમજાવો. તે કાર્યના ફાયદા તેને ઠસાવો, તેની તર્કશક્તિમાં તે વાત ઉતરે ત્યાંસુધી દલીલથી તેને તમારી વાત સમજાવો. તમારી આ પદ્ધતિથી બાળક પાસે જે કાર્ય કરાવવા તમે માગતા હશો, તે સંપૂર્ણ રીતે તે કરશે, ગમે તેવું મહેનતનું કાર્ય હશે તોપણ તે આનંદથી બજાવશે અને ત્યાર પછીના જીવનમાં પણ દરેક કાર્ય સમજણપૂર્વક કરવાની તેને ટેવ પડશે.

વળી બાળકને સમજાવો કે તેનું જીવન આ સૃષ્ટિમાં એક શક્તિરૂપે છે-તેનામાં રહેલી શક્તિ તેને તેમજ આખી દુનિયાને ઉપયોગી થાય તેવી છે; અને આવા બાળપણથીજ મળેલા જ્ઞાનથી તેની માનસિક ખીલવણી બહુજ ઉંચા પ્રકારની થશે, તેની આત્મશક્તિ ખીલશે, તેનામાં વીર્યોલ્લાસ જાગશે, અને તેનું જીવન તેને ઉત્તમ બનાવવા સાથે તે આખા દેશને ઉપયોગી નીવડે-સુમાર્ગે-નીતિને પંથે ઘણાઓને દોરી શકે તેવું તેનું જીવન થશે. તેને તેની જીંદગીની જવાબદારી સમજાશે, અને તે સમજણથી તેને માથે રહેલ ફરજ કેવી રીતે અદા કરવી તેનાજ વિચારમાં તે તત્પર રહેશે-ફરજ અદા કરશે. બાળપણથીજ તેના મગજમાં એમ ઠસાવો કે તે દુનિયામાં મોટો માણસ થવાનો છે, તમે તેના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાસેથી મહત્વતાની આશા રાખો છો, તે મોટાં કાર્યો કરી સર્વને ઉપયોગી થશે જ તેવી તમારી માન્યતા છે, અને શાંતિથી-પ્રેમભાવથી આ સમજાવતાં તમે તમારી માન્યતામાં અવશ્ય ફળીભૂત થયેલાજ તમને જોશો.

બાળપણથીજ તેનામાં રહેલી નબળાઇ દૂર કરવાના તેના વિચારને પુષ્ટિ આપો, તેનામાં રહેલ અતૂલ બળની તેને સમજણ આપો, તેને મનુષ્ય તરીકેની તેની કિંમત સમજાવો અને તમે સમજો. આ પ્રમાણે તેને સમજાવવા સાથે તમારી વાતચીત પણ તેવીજ રાખો. શ્રદ્ધા અને પ્રેમ આગળ કોઇ પણ વાત મુશ્કેલ નથી. પ્રેમથી તેને જે સમજાવશો તે તરતજ ગ્રહણ કરશે અને શ્રદ્ધાથી તેનો સંપૂર્ણતાનો ખ્યાલ મજબૂત થશે. ક્રોધ, માર, ઠપકો કાંઇ પણ બાળક ઉપર અસર કરી શકતા નથી. બાળકને મગજનો વિકાસ કરવાને બદલે તે ઉલટું તેને બહેરૂં કરી નાખે છે. શાંતિથી તમે જે તેને સમજાવશો, પ્રેમથી જે વાત તમે તેની પાસે મુકશો, તે સર્વ તે ગ્રહણ કરશે. તમે તે સર્વ શીખો, નીતિને માર્ગે પ્રવર્તો, બાળકને ઉચ્ચ બનાવવાની-અન્ય મનુષ્યોને ઉપયોગી થાય તેવો બનાવવાની ઇચ્છા રાખો, તેવું વર્તન તમે રાખો, તેનામાં તેવા સંસ્કાર હસાવો, તેને તે જાતની શીખામણ આપો, જીંદગીની મહત્વતા તેને શીખવો, તેથી અવશ્ય તમે તમારા પ્રયત્નમાં સફળજ થશો. ધ્યાનમાં ખાસ રાખવાનું તો એ છે કે તમારે તમારા આચાર વિચારને સરખા રાખવા. તમે બાળકને સમજાવશો જૂદું, અને તમારૂં વર્તન જૂદું રાખશો, તો તેની અસર કાંઇ થશે નહિ. જેવાં તમે હશો તેવું બાળક થશે. તમે સારાં થાઓ, સારાં ઉચ્ચાર કરો, ક્રોધાદિનો ત્યાગ કરો, ઉપકારક જીવન ગ્રહણ કરો, તેથી તેવાંજ સંસ્કાર બાળકમાં પડશે. તમારે અશ્રદ્ધાનાં-અપૂર્ણતાના વિચાર સેવવાની જરૂર નથી. તમે સંપૂર્ણતા શીખશો, બાળકને તે શીખવશો, પ્રેમથી-શાંતિથી તેની સાથે વર્તશો એટલે પછીથી જેવો તમે તેને કરવા ધારશો તેવો તે થશે, તેનો માનસિક વિકાસ બહુ ઉત્તમ થશે, તમે તેની પાસેથી જેવી આશા રાખશો-જેવું ઉપયોગી જીવન તમે તેનું કરાવવા ઇચ્છતા હશો તેવું તેનું જીવન અવશ્ય નીવડશે, અને તેના બાળપણમાં જેવું ભવિષ્ય જોવા તમે ખાએશ રાખતા હશો તેવુંજ ઉત્તમ ભવિષ્ય બનાવવા-જીવનની સુંદરતાનું આસ્વાદન કરવા તે અવશ્ય ભાગ્યશાળી થશે.[૧] ઇત્યલમ્.

**કાપડીયા નેમચંદ ગીરધરલાલ.**

૧ Eternal Progress ઉપરથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ચંદરાજાના રાસ ઉપરથી નીકળતો સાર.

અનુસંધાન પૃષ્ટ (૨૬૧) થી.

## પ્રકરણ ૧૮ મું.

ગુણાવળી કુકડાવાળું પાંજરૂં મંત્રીના હાથમાં સોંપતાં આંખમાંથી આંસુની ધારા વહેતે ચંદરાજા પ્રત્યે કહે છે કે–" હે સ્વામી ! મને તજી દઇને આપે પણ દૂર દેશ જવાનો વિચાર કર્યો જણાય છે. આ કાર્યમાં આપની પણ સંમતિ લાગે છે. હું અત્યારે છતે સ્વામીએ અનાથ છું, નિરાધાર છું, મારી ફરિયાદ કોઇ સાંભળે તેમ નથી. તો પણ આપની ઇચ્છાને આધીન થઈને તેમજ આપનું જીવિતવ્ય અખંડ રહે તેટલા ભરોસાથી આપને હું મારા પ્રાણની જેમ બીજાના હાથમાં આપું છું, પરંતુ હે સ્વામી ! તમે મને કદિપણ ભૂલી જશો નહીં. મને સંભારજો, મારી ઉપર દયા રાખજો. મેં કદિ આપનો કાંઇ પણ અપરાધ કર્યો હોય તો તે ભૂલી જજો. મેં તો આપનો અપરાધ ક્યારે પણ કર્યો હોય એમ મને તો સાંભરતું નથી, તે છતાં આપ કેમ આવો વિચાર કરો છો ? હે યૌવનભૂષણ ! મને તમે એક ક્ષણ પણ વિસરવાના નથી. મારા મનમાં અનેક પ્રકારની આશાઓ હતી પણ તે તો બધી અત્યારે દૈવે ધૂળ ભેગી કરી દીધી છે, મને નિરાશ બનાવી દીધી છે. વળી હવે તો તમે પણ મારાથી વિખૂટા પડો છો એટલે તે આશાઓ વધારે નિરાશાના રૂપમાં પલટાઈ જાય છે. હવે આપનો ફરી મેળો થવો તે ખરેખર દુર્લભ છે–દૈવના હાથમાં છે. જેણે અત્યારે આપણો વિયોગ કરાવ્યો છે તેને માટે શું કહું ? તેના મુખમાં ધૂળ પડો. હે સ્વામી ! મારી સામું નજર માંડીને તો જુઓ. આપના વિરહની જ્વાળા વરસાદના જળની ધારાથી પણ બુઝાય તેમ નથી. ઇર્ષ્યાળુ દૈવ આપણી સુખી સ્થિતિ જોઇ શક્યો નહીં. મારી છાતી પણ અત્યંત કઠોર જણાય છે કે જે આવે દુઃખને સમયે પણ ફાટી જતી નથી. હું દૈવને ખોળો પાથરીને કહું છું કે 'વેરણને પણ આવો વખત આપીશ નહીં.' આ દુઃખનો અનુભવ તો જેને માથે પડે તેનેજ થાય તેમ છે. આપના પ્રેમભરેલા વચનો વારંવાર યાદ આવશે અને હૃદયમાં શલ્યની જેમ ખટકશે. હે સ્વામી ! કરૂણા કરીને પાછા વહેલા પધારજો. તમે મારા જીવનસ્વરૂપ છો. આ રાતી આંખલડી નિરંતર તમારી રાહ જોયા કરશે. હું ઘણો ખેદ તો તેથી પામું છું કે આ નાટકીયા તમને ઘેર ઘેર ફેરવશે પણ જો તે કારણથી ના પાડું છું તો સાસુ એવી ભુંડી છે કે તમારા જીવનનો ભય રહે છે. આ તો સુડી વચ્ચે સોપારી જેવું થયું છે. મારાથી કાંઈ કહ્યું કર્યું જતું નથી. હું લાચાર થઈ પડી છું. "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રમાણેના ગુણાવળીના વચનો સાંભળી કુર્કટે પગના નખવડે અક્ષરો લખીને તેને સમજાવ્યું કે-"હે પ્રાણપ્રિયા! તું મારી બીલકુલ ફીકર કરીશ નહીં. વળી મારો ને તારો મેળો તો જો પ્રાણ જાય તો પછી મળે નહીં, પણ મારા પ્રાણ જો રહ્યા છે તો તું જરૂર માનજે કે આપણે પાછા મળશું. વળી હું તારાથી દૂર ગયો છું પણ તું મને તારી નજીકજ માનજે અને મને તારા હૃદયમાંજ રાખજે. વળી તું ચોક્કસ ધારી રાખજે કે આ નટ મને કુકડો ટાળીને મનુષ્ય બનાવશે. વળી દેશમાં રહીએ કે પરદેશ જઇએ પણ પ્રથમની પ્રેમાળ સ્ત્રી કેમ ભૂલાય? માટે તે વાતનો તું અંદેશો કરીશ નહીં." આ પ્રમાણેના કુર્કટના લખેલા શબ્દો વાંચવાથી ગુણાવળીને કાંઇક ધીરજ આવી. તેણે કુર્કટ સમેત પાંજરૂં સચીવના હાથમાં આપીને કહ્યું કે 'તમે આને લઈ જાઓ અને મારી સાસુને આપો.' મંત્રીએ તરતજ પાંજરૂં લઈ જઇને વીરમતીને આપ્યું. તેણે પણ તરતજ નટને તે બક્ષિસ કર્યું. નટ બહુ ખુશી થયા અને પાંજરૂં લઈ હર્ષિત ચિત્તે વીરમતીને પ્રણામ કરી ત્યાંથી વિદાય થયા.

શિવમાળાએ પાંજરૂં પોતાના મકાનપર લઇ જઇને એક ઉત્તમ શય્યા ઉપર મુક્યું અને તેની આગે ઉભી રહી હાથ જોડીને તે તેમજ તેનો પિતા બોલ્યા કે-"હે સ્વામી! આજ સુધી અમે રાજા વિનાના હતા, હવે અમે રાજાવાળા થયા છીએ. હવે અમે પ્રજા ને તમે રાજા. આપણે નવા નવા આનંદ મેળવશું. પૂરા ભાગ્ય હોય તોજ આપની જેવા ચતુરનો પ્રસંગ પ્રાપ્ત થાય. આજથી પહેલાં તમને મુજરો કરીને પછી અમે બીજા રાજાઓનો મુજરો કરશું. આપ અહર્નિશ આનંદમાં રહેજો. કોઇ પ્રકારનું દુઃખ ધારણ કરશો નહીં." આ પ્રમાણે કહી કુર્કટરાજની પાસે અનેક પ્રકારના મેવા વિગેરે પદાર્થો મુક્યા, તે કુર્કટે ચણવા તો માંડ્યા પણ તે વખતે ગુણાવળીનો સ્નેહ સાંભરી આવવાથી તેના વિયોગદુઃખવડે કંઠ રૂંધાઈ ગયો; જેથી ગળે ઉતર્યા નહીં. તે જોઈ શિવમાળાએ કહ્યું કે-"હે વિહંગરાજ! તમે ઝુરો મા, ઉમંગથી મેવા વિગેરે આરોગો, કાળે કરીને બધો આનંદ થઇ રહેશે."

અહીં પાંજરૂં લઈ વીરમતીને આપ્યા પછી સભા વિસર્જન થઈ, એટલે મંત્રી ગુણાવળી પાસે દીલાસો આપવા આવ્યો. તેને ગુણાવળી કહેવા લાગી કે-"હે મંત્રી! કોઇ રીતે સાસુને સમજાવીને મારૂં પાંજરૂં-મારા કુર્કટરાજ મને પાછા લાવી આપો. મને એનો વિયોગ ઘણો સાલે છે. એ નટો તો મારા પીયુને લઇને ક્યાંના ક્યાં જશે એટલે પછી મને મારા પતિનો મેળાપ શી રીતે થશે? એ પરભ્રમરને તો પગલે પગલે નવા મિત્રો, નવી સ્ત્રીઓ મળશે પણ મારી તેમના વિના શી ગતિ થશે? તે તમે વિચારી જુઓ. એ કુકડાપણામાં રહેશે પણ કોઇક દિવસ તેની (સગી) માતા કોડ પૂરા કરશે, અને મને તો જીંદગી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભરનો આલાલુંભો રહ્યા કરશે. આશામાં ને આશામાં હું જીવતી રહીશ. આ વીરમતી તો મારી પૂર્વભવની વેરણ જાગી છે. તેણે મનુષ્ય ટાળીને પંખી કર્યો તોપણ હજુ તેનો ક્રોધ શમ્યો નહીં. મને જે કોઇ મારા પ્રીતમ સાથે મેળવી આપે તેની પાસે હું ખોળો પાથરૂં, મારા પ્રાણ આપું, જીંદગી સુધી તેની ઓશિંગણ રહું, તેના પગ પૂજું. આ જગતમાંથી સો જાય છે પણ આ સાસુ તો જતી પણ નથી, અખંડ દુઃખ દેવા બેઠી છે. મારા પિયુનો યશ સાંભળીને એને શું દુઃખ થાય છે?" આ પ્રમાણેના ગુણાવળીનાં વચનો સાંભળીને મંત્રીએ કહ્યું કે–"તમે વધારે ખેદ મ કરો અને સાસુને મ છેડો. એ તો ચંડા છે. એ અત્યારે જો કે વૃદ્ધા થઇ છે પણ તેનો ભરૂસો ન કરશો. વળી અંતે તો એ કેટલો કાળ જીવવાની છે, છેવટ તો આ રાજ્ય તમારૂં ને તમારા પતિનું જ છે પણ હમણાં ધીરજ રાખો."

આ પ્રમાણેના મંત્રીનાં વચનોથી આશ્વાસન પામીને ગુણાવળીએ મંત્રીને કેટલીક ભલામણ કરી નટ પાસે મોકલ્યો. પતિને માટે કેટલાક મોદક મેવા વિગેરે શિવમાળાને મોકલ્યું. તે વખતે મંત્રીએ શિવમાળાના કાનમાં ખરો ભેદ કહ્યા કે "આ કુર્કટ તે ચંદરાજા પોતેજ છે. તેની અપરમાતાએ તેને કુકડો બનાવી દીધો છે, માટે તેને તમે સારી રીતે જાળવજો. ફરતા ફરતા આ તરફ પણ આવજો. કાગળ લખીને ખબર આપતા રહેજો." ઇત્યાદિ શબ્દો કહી કુર્કટને પ્રણામ કરી મંત્રી પોતાને સ્થાને આવ્યો. નટોએ પણ પોતાની સર્વ સામગ્રી લઇને ત્યાંથી પ્રયાણ કર્યું. તે વખતે ઢોલ વાગતે તેઓ નીકળ્યા, એટલે ઢોલનો શબ્દ સાંભળી ગુણાવળી પોતાના આવાસની સાતમી ભૂમિકાએ ચઢીને તેમને જોવા લાગી. શિવમાળાના મસ્તક ઉપર કુકર્ટનું પાંજરૂં દીઠું. તે નજરે પડ્યું ત્યાં સુધી તે તરફ જોઈ રહી. અનુક્રમે તેઓ દૂર ગયા–દેખાતા બંધ થયા–વૃક્ષો આડા આવવા લાગ્યા એટલે ગુણાવળી વિરહાતુર થવાથી મુર્છિત થઇ પૃથ્વીપર ઢળી પડી. સખીઓએ શિતળ ઉપચાર કર્યો, તેથી સાવધ થઇ. મંત્રીએ પણ આવીને અનેક પ્રકારે સમજાવી. ત્યારબાદ વીરમતી પણ ત્યાં આવી અને કહેવા લાગી કે–'આપણ બે વચ્ચેથી ફાંસ ગઈ, નિષ્કંટકપણું થયું, હવે મારો ને તારો સ્નેહ કેવો જામે છે તે જોજે.' અવસરની જાણ ગુણાવળી હાજી હાજી કહેવા લાગી એટલે સાસુજી રાજી થઇને વિદાય થયા.

કુર્કટના દૂર ગયા બાદ એકલી પડેલી ગુણાવળીની સ્થિતિ અત્યંત ચિંતાતુર થઇ પડી. જેમ જેમ પતિનું સ્મરણ થવા લાગ્યું તેમ તેમ તેની વિરહજ્વાળા વધવા લાગી, આંખમાંથી અશ્રુધારા વહેવા લાગી. જે બાજુ તરફ પતિ ગયા છે તે દિશાનો પવન આવે તોપણ તે પતિને ફરસીને આવે છે એમ ધારી પ્રસન્ન થવા લાગી; તે પોતાના પ્રાણને કહેવા લાગી કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અરે પ્રાણ પ્રાણેશ વિણ, રહેશો કેવે ઢંગ;
ગમનશીલ તુમ ધર્મ છે, કેમ ન ગયા પિયુ સંગ.
કિહાં કંત કિહાં નવલ રસ, કિહાં સુરંગો નેહ;
બાજી બાજીગરતણી, થઈ ગઈ કોઈ એહ.
પિયુ સુરગિરિ સમ જીવજો, વધજો વડ વિસ્તાર;
મેળાપે સંભારજો, અહો જીવન આધાર.

'હે પ્રાણ ! તું પ્રાણેશ વિના કેમ રહી શકીશ. તારો તો ગમન કરવાનો સ્વભાવ છે, તો તે ગયા ને તું (પ્રાણ) કેમ રહ્યો?' વળી તે સંભારે છે કે–'કિહાં સ્વામી, ક્યાં તેનો નવો નવો રસરંગ અને ક્યાં તેવો અપૂર્વ સ્નેહ ! આ તો જેમ કોઇ બાજીગર બાજી પાથરે ને પાછી સંકેલી લેય તેમ એકાએક થઇ ગયું. હે પ્રીતમ ! તમે ગયા તો ભલે ગયા પણ મોટા આયુષ્યથી જીવજો, તમારો વંશ વૃદ્ધિ પામજો. માત્ર હે જીવન આધાર ! મને અવસરે સંભારજો, ભૂલી જશો નહીં.'

આ પ્રમાણે ગુણાવળી ઝુર્યા કરે છે, તેને ઘર બધું સૂનું સ્મશાનજેવું લાગે છે, શૃંગાર અંગારા જેવા લાગે છે અને શરીર સુકાવા લાગ્યું છે. તે ધર્મિષ્ટ હોવાથી અશુભ કર્મનો ઉદય થયેલો માની કર્મનિર્જરાને માટે નિરંતર નવા નવા તપ તપે છે. અને ભવસમુદ્રના કિનારા સમાન પરમાત્માનું અહર્નિશ ધ્યાન ધરે છે.

ગુણાવળી જે અહીં એકલી રહી છે તેણે કુર્કટની રક્ષાને માટે સાત સામંત રાજાઓને પ્રેરણા કરીને તેની સાથે રહેવા મોકલ્યા; તેઓ પણ પોતાના લશ્કર સહિત આવીને નટની ભેળા થયા. કુર્કટને પ્રણામ કર્યા અને પોતે સાથે રહેવા આવ્યા છે એ હકીકત નિવેદન કરી. તેમણે કહ્યું કે–' અમે ગુણાવળીના આદેશથી આવ્યા છીએ, અહર્નિશ અમે સાથે રહેશું, તમે કુર્કટ થયા તો શું થયું, અમારા તો સ્વામી છો.' આ પ્રમાણે કહી મસ્તક નમાવ્યું એટલે કુર્કટે પણ તેના પ્રણામ સ્વીકાર્યા અને સૌ સાથે ચાલ્યા. શિવમાળા માર્ગમાં પાંજરૂં પોતાને સાથેજ રાખવા લાગી. બે માણસો બે બાજુ રહીને ચામર વિંજવા લાગ્યા, એક જણ મોટું છત્ર લઇને ચાલવા લાગ્યો. એ પ્રમાણે ચાલતાં ગામે ગામ ફરતાં અને અનેક સ્થાનકે નાટક કરતાં પુષ્કળ દ્રવ્ય મેળવવા લાગ્યા.

આ પ્રમાણે પ્રયાણ કરતાં કરતાં નટ અનુક્રમે વિમળાપુરી જશે અને કુર્કટનો મેળાપ પ્રેમલાલચ્છી સાથે થશે. વચમાં એક નવીન બનાવ બનશે, એક બે સ્થાનકે કુર્કટની માગણી પણ થશે, અને યુદ્ધનો પ્રસંગ બની આવશે પણ તેમાં નટો જીત મેળવશે. ઇત્યાદિ હકીકત હવે પછીના પ્રકરણમાં આવશે, આ પ્રકરણ અહીં સમાપ્ત થાય છે અને નટોની મુસાફરીનું પ્રકરણ શરૂ થાય છે. હાલ તો આ પ્રકરણમાં શું રહસ્ય સમાયેલું છે તે જરા વિચારીએ; કારણકે આપણો પ્રયાસ-કથા ભાગ જાણવા કરતાં તેમાં રહેલ રહસ્ય જાણવા માટેનો વિશેષ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પ્રકરણ ૧૮ માંનો સાર.

આ પ્રકરણ આખું બહોળે ભાગે ગુણાવળીના વિરહ દુઃખને બતાવનારૂં છે. સંસારમાં દુઃખ તો અનેક પ્રકારના છે, સંસારજ દુઃખનો ભરેલો છે. પરંતુ વ્યવહારમાં ગણાતાં સર્વ દુઃખોમાં સ્ત્રીને પતિ વિરહનું દુઃખ તે સર્વ કરતાં પ્રથમ પંક્તિનું દુઃખ છે. તેમાં પણ જીવતા પતિનો અણધાર્યે વખતે અચોકસ સ્થિતિવાળો વિરહ અત્યંત સંતાપ ઉત્પન્ન કરે છે. ગુણાવળી ડાહી હતી, ભણેલી હતી, સુજ્ઞ હતી પરંતુ ભાવી પાસે તેનું ડહાપણ ચાલી શકયું નહીં, ને ચાલી શકે તેમ પણ નહોતું. જ્યારે વીરમતીએ નટને કુકડો આપવા માટે મંત્રીને મોકલીને પાંજરૂં મંગાવ્યું તે વખતે ગુણાવળીને જે અનહદ કષ્ટ ઉત્પન્ન થયું છે તે ગુણાવળીજ જાણી શકે તેમ છે. કેટલાક દુઃખોની ખરી ખબર તેના અનુભવીઓનેજ પડી શકે છે. તે એકવાર સાસુની સામે પણ થાત અને પાંજરૂં આપવામાં આનાકાની પણ કરત; પરંતુ કુકડાને અહીં રાખવામાં વીરમતી તરફનો પૂરેપૂરો ભય હતો, જીવનું જોખમ હતું, તેથીજ ગુણાવળીએ તેને સોંપવાની હા પાડી. તેણે જે શબ્દો કહેવા જોઇએ તે બધા કુકડાને કહ્યા. તેણે તેના ઉત્તરમાં વાચા તો નહોતી, પરંતુ નખવડે ભૂમિપર અક્ષરો લખીને ગુણાવળીને અત્યંત દિલાસો આપ્યો, પોતાની ફીકર ન રાખવા કહ્યું અને પોતે મનુષ્ય થઇને પાછા આવશે ને રાજ્ય કરશે એવી આશા આપી. સત્પુરૂષોનાં વચનો સાચાં જ પડે છે તે આપણે આગળ જોશું. હાલ તો ચંદરાજા ને ગુણાવળી બંનેની વિરહાતુર દશા જોઈ તેમાંથી આપણે શો સાર ગ્રહણ કરવાનો છે તે વિચારીએ.

ગમે તેટલું સુખ પ્રાપ્ત થાય કે ગમે તેવી ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત થાય પણ તે ટકી રહેવી ભાગ્યાધીન છે. દૈવ પણ બહુ સુખીને જોઇને તેની ઇર્ષા કરે છે. કર્મરાજા તેનો વિરોધી થઇ પડે છે. મોહરાજા જુદી જુદી સ્થિતિમાં પોતાનું વિચિત્રપણું બતાવવા ઉત્સુક રહે છે. તેમ છતાં પણ જો ભાગ્ય પ્રબળ હોય છે તો ત્યાં સુધી કોઇનું ચાલતું નથી પણ જેવી ભાગ્યદશા મંદ પડી કે તે સૌ પોતાનો હાથ બતાવવામાં કસુર કરતા નથી. જ્યારે ચંદરાજા ને ગુણાવળી જેવા પુણ્યવાન, નીતિવાન અને ધર્મપરાયણ જીવો પણ આવી દુઃખી સ્થિતિમાં આવી પડે અને મનુષ્ય જીંદગીમાં પશુપણું વેઠવું પડે તો તેની પાસે આપણી જેવા પામરનો શો આશરો? તેથી પ્રાપ્ત થયેલા સાંસારિક સુખમાં કિંચિત્ પણ આસક્ત થવું નહીં, તેને નિરંતર ટકી રહેશે તેમ માનવું નહીં, તેમાં સારભૂત શું છે તેનો વિચાર કર્યા કરવો અને અસાર દેહમાંથી, અનિત્ય આયુષ્યમાંથી અને વિનાશી દ્રવ્યાદિકમાંથી પણ જે સાર લઈ શકાય–ઉત્તમ કાર્યમાં, આત્મસાધનમાં તેને જેટલું ઉપયોગમાં લઈ શકાય તેટલું વગર સંકોચે, વગર વિલંબે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાળનો પણ વિશ્વાસ રાખ્યા સિવાય અને આત્મવીર્યને જરાપણ ગોપવ્યા સિવાય ઉપયોગમાં લેવું, તેનો સદુપયોગ કરવો, તેનાવડે જેટલો સાર મેળવાય તેટલો મેળવી લેવો, આત્મસાધન કરી લેવું અને શરીર કે દ્રવ્યાદિ ગમે ત્યારે વિનાશ પામે ત્યારે કિંચિત્ પણ તેનો લાભ ન લીધાનો ખેદ ન થાય તેમ કરવું. અહર્નિશ તેને માટે તત્પર રહેવું અને તે સ્થિતિને પણ આનંદથી વધાવી લેવાય એવી દ્રઢતા પ્રાપ્ત કરવી.

ગુણાવળી પાંજરૂં સચીવને આપે છે, તે વીરમતીને આપે છે, ને વીરમતી નટને બક્ષીસ કરે છે, નટ તેને લઈને સ્વસ્થાનકે જાય છે, ત્યારપછીની ગુણાવળીની ને ચંદરાજાની બંનેની સ્થિતિ સરખી થઈ પડે છે. સ્નેહીઓની વિરહાતુર દશાનો અનુભવ લેખદ્વારા થઇ શકે તેમ નથી; કારણકે પ્રસુતીની પીડા વંધ્યા જાણી શકતી નથી, સાક્ષી કે જુબાની આપનારની સ્થિતિનો અનુભવ વકીલ કે ન્યાયાધીશને થતો નથી, દરદીની પીડા ને તેની લાગણી તથાપ્રકારે વૈદ કે ડાકટર સમજી શકતા નથી, નિર્ધનની ઝુંપડીમાં રહેલા દુઃખનો કે સંતોષનો અનુભવ શ્રીમાનોને બંગલામાં બેઠા બેઠા થતો નથી, બાળકોને રમત છોડીને ભણવું કેટલું મુશ્કેલ લાગે છે તેનો અનુભવ મહેતાજી કે માસ્તરને થતો નથી; તેમ ગુણાવળી કે ચંદરાજાના વિરહાતુરપણાનો અનુભવ આપણને તેવી સ્થિતિમાં આવ્યા સિવાય થઇ શકે તેમ નથી. તેનો ખરો અનુભવ તો તે બે જણનેજ પરસ્પર થઇ શકે છે. અહીં ગુણાવળી પાંજરૂં પાછું લાવવા મંત્રીને વીનવે છે, ખોળો પાથરે છે અને અહીં કુર્કટ શિવમાળાના મુકેલા મીઠાઇ ને મેવા આરોગવા જાય છે પણ ગળે ઉતરતા નથી. ગળે કેમ ઉતરે ? નજ ઉતરે, પરંતુ છેવટ બંને સુજ્ઞ હોવાથી પોતાની સ્થિતિને સમજી જાય છે અને મન વાળે છે.

નટો પાંજરૂં લઈને પ્રયાણ કરે છે તે વખતના ઢોલના ઢમકારા સાંભળી ગુણાવળી પાંજરૂં જોવા ઉપરની ભૂમિકાએ ચડે છે. જુઓ સ્નેહનું આકર્ષણ કેટલું છે ! પ્રાણી મોહને વશ થઈ પોતાની સ્થિતિને કેટલી ભૂલી જાય છે ? પાંજરૂં દેખાવાથી કાંઈ લાભ નથી, માત્ર નેત્રની અતિ અલ્પ સમયની તૃપ્તિ છે, તેમ ન દેખાવાથી નુકશાન નથી, પણ જ્યારે પાંજરૂં દેખાતું બંધ થાય છે ત્યારે તે મૂર્છા ખાઈને ધરણી ઉપર ઢળી પડે છે. આ બધો મોહનો વિલાસ છે. મોહ પ્રાણીને ભાન ભુલાવી દે છે, કર્તવ્યથી ચૂકાવે છે, અકર્તવ્ય કરાવે છે. મોહને વશ પ્રાણી આત્મઘાત પણ કરે છે કે જેને પરિણામે દુર્ગતિ સિવાય બીજું કાંઈ પણ લભ્ય થતું નથી.

મંત્રી ખરી હકીકત નટોને સમજાવી આવે છે, તેથી જો કે પ્રથમથી તેમનો કુર્કટપર રાગ તો હતોજ; પરંતુ તેમાં વૃદ્ધિ થાય છે. તેઓ તેને પોતાના ખરા રાજાજ માને છે. એક કુકડો વીષ્ટાવાળા ઉકરડામાં ભમે છે ત્યારે એક સોનાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાંજરામાં મનુષ્યના માથા ઉપર રહે છે અને છત્ર ચામર વીંજાય છે. એક કુકડાનો જ્યાં ત્યાં તીરસ્કાર થાય છે ત્યારે બીજા કુકડાને રાજાઓ પણ નમસ્કાર કરે છે અને તેની રક્ષા કરવા સાથેના સાથે ભમે છે. આ બધી પુન્યોદયની નિશાની છે. પ્રાણીએ કરેલા સત્કર્મો ગમે તેવી સ્થિતિમાં પણ હાજર થઇને પોતાનું ફળ બતાવ્યા વિના રહેતા નથી. ગુણાવળી અનેક પ્રકારની ખાનપાન વિગેરે વસ્તુઓ કુર્કટ માટે મોકલે છે અને છેવટે તેની રક્ષા માટે સામંત રાજાઓને પણ મોકલે છે. આ બધું સાચા સ્નેહનું પરિણામ છે.

અહીં આપણે વીરમતીની સ્થિતિ પણ જાણવા લાયક છે. કુકડાના જવાથી તેના મનમાંથી એક ફાંસ જાય છે, તે મનમાં આનંદ માને છે અને જેવું પોતે માને છે તેવું બીજાને મનાવવા ગુણાવળી પાસે આવે છે, પણ તે મૂર્ખીને ખબર પડતી નથી કે અહીં તો વિરહની જ્વાળા પ્રકટી રહી છે. તનું સાંત્વન થવાને બદલે તેના શબ્દોથી તેમાં તેલ હોમાય છે કે જેથી ઉલટી તે જ્વાળા વૃદ્ધિ પામે છે. વીરમતી કહે છે કે-' જોજે હવે આપણો સ્નેહ કેવો વૃદ્ધિ પામે છે?' પણ તેને ખબર નથી કે અહીં સ્નેહનો તો અંશજ નથી–બીજજ નથી. તો વૃદ્ધિ શું પામવાનું હતું? સ્વાર્થી અને કૃતઘ્ની માણસો પોતાની ધારણામાં મશગુલ રહ્યા કરે છે પરંતુ તેનું પરિણામ લાભકારક કદાપિ આવતુંજ નથી, ગુણાવળીના ટાઢા હોંકારા સાંભળી વીરમતી ચાલી જાય છે. તેને પણ સ્ત્રીપણામાં રાજકર્તૃ થવાની ઉલટ વધી છે પણ તેને ખબર નથી કે બધો સરવાળો ગણીને એક સાથે આગળ પર હીસાબ દેવો પડશે. જો આ દુનિયામાં–આ કળિકાળમાં પણ પાપીને પાપનો બદલો મળ્યા વિના રહેતો નથી તો પછી તેવા સતયુગમાં તેનો બદલો મળે તેમાં તો શી નવાઈ?

હવે અહીં ગુણાવળી એકલી પડી છે, વિમળાપુરીમાં પ્રેમલા એકલી પડેલી છે, ચંદરાજા નટ સાથે ગામે ગામ ભમે છે. એમ ત્રણે જણ વિખુટા પડેલા છે તે ક્યારે એકઠા થાય અને આનંદ ભોગવે તેમજ ધર્મારાધન કરી મનુષ્ય જન્મને સફળ કરે તે આપણે ઇચ્છીએ છીએ; પરંતુ તેને વિલંબ છે. હજુ તો કુકડાપણામાં પ્રેમલાની ભેગા થતાં પણ રસ્તે અનેક વિઘ્નો આવવાના છે, ભાગ્ય સાનુકૂળ હોવાથી તે બધા વિસરાળ થશે અને પ્રેમલાનો મેળાપ આનંદથી થશે તે આપણે આગળના પ્રકરણમાં જોશું અત્યારે તો કર્મની વિચિત્રતાથી સજ્જનો કેવા વિખૂટા પડે છે તેનો અનુભવ કરી વિરામ પામવું પડે છે. આ પ્રકરણ વિરહાતુર દશાના વીવરણનું છે, પરંતુ તેમાંથી ઘણો સાર ખેંચી શકાય તેમ છે. અમે દ્રષ્ટાંતોદ્વારા બતાવી ગયા છીએ, એટલે હાલ તો આ પ્રકરણને સમાપ્ત કરવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# जैन श्वेतांबर कोन्फरन्सनुं नवमुं अधिवेशन.

જણાવવાને અત્યંત હર્ષ થાય છે કે આપણી ઉપરોક્ત મહાન્ સંસ્થા જે કેટલાક વખતથી ચોકસ કારણોને લઇને મળી શકતી નહોતી તેનું નવમું અધિવેશન ચાલુ માસના શુદ ૧૨-૧૨ અને ૧૩ ને રોજ બીકાનેર શહેરની નજીક આવેલા સુજાનગઢમાં થવાનું છે. આ પ્રસંગે સુજાનગઢમાં પ્રતિષ્ઠા મહોત્સવ પણ કરવામાં આવનાર છે અને ત્યાં હજારોની સંખ્યામાં જૈન બંધુઓ એકત્ર થવાના છે. આ પ્રસંગે આપણી કોમના ઉત્સાહી ગૃહસ્થો ત્યાં હાજર થઈ અનેક પ્રકારના યોગ્ય વિચારો મરૂભુમિમાં ફેલાવવાને શક્તિવાન્ થશે એવી સંપૂર્ણ આશા છે. કોન્ફરન્સનું એક અધિવેશન ફલોધી તીર્થમાં થયું હતું ત્યાર પછી એ પ્રદેશમાં આ દ્વિતીય અધિવેશન થાય છે. એ પ્રદેશમાં આપણી કોમના હિતના વિચારો પૂરતા જોસથી ફેલાવવાની ખાસ જરૂર હતી. ખાસ કરીને એ પ્રદેશમાં કેળવણીના વિચારો ફેલાવવાની તો અતિ આવશ્યકતા હતી, સારી સંખ્યામાં હાજર રહી આપણા આગેવાનો ત્યાં કોમહિતના અનેક પ્રશ્નો સારી રીતે વિચારશે. આ વખતના અધિવેશન માટે પ્રમુખ તરીકે રાંધણપુરના અસલ રહીશ અને હાલ મુંબઇ શહેરમાં વ્યાપાર કરનાર **શેઠ મોતીલાલ મુળજી**ની નીમણુક થઈ છે તે બહુ યોગ્ય થયું છે. તેઓ પોતે જાતે વધેલા હોઈ કેળવણી આદિ અનેક બાબતોમાં આપણા બંધુઓના હિત માટે મોટી સખાવત કરનારા છે અને તેઓનું નામ આપણી કોમમાં સુપ્રસિદ્ધ છે. આવા યોગ્ય ગૃહસ્થની પ્રમુખ તરીકે પસંદગી થવાથી આ અધિવેશન બહુ સારી રીતે પ્રગતિ કરનાર થવાનો પૂરતો સંભવ છે. કામ બહુ ટુંક મુદતમાં લેવામાં આવ્યું છે છતાં કોન્ફરન્સની હેડ ઓફીસે જે ત્વરાથી કામ ઉપાડી લીધું છે તે પ્રશંસાપાત્ર છે. આ વખતના ઠરાવોનો ખરડો અમારા તરફ વાંચવા માટે મોકલવામાં આવ્યો છે, તેમાં કેળવણીને જે અગ્રસ્થાન આપવામાં આવ્યું છે તે બહુ યોગ્ય કર્યું છે. આવતા અંકમાં કોન્ફરન્સ સંબંધી વિગતવાર હકીકત આપવા અમે ભાગ્યશાળી થશું. દરમ્યાન અમારી સર્વે બંધુઓ પ્રત્યે વિજ્ઞપ્તિ છે કે જે મહાન્ સંસ્થા સાથે આપણી કોમના ભવિષ્યનો મોટો આધાર રહે છે તેના અધિવેશનમાં મોટી સંખ્યામાં હાજરી આપી તે મેળાવડાને જેમ બને તેમ વધારે ફતેહમંદ બનાવવા આપણા બંધુઓ ચુકશે નહિ એમ સંપૂર્ણ આશા રાખશું. કદાચ ટુંકી મુદત, લગ્નની મોસમ અને વેપારના કારણોને લઈને દૂર દેશના આગેવાનો મોટી સંખ્યામાં આ અધિવેશનમાં હાજર ન થાય તોપણ પૂર્ણ ઉત્સાહથી આ સંસ્થાનું કામ આગળ ચલવવા સર્વ બંધુઓ પ્રત્યે અમારી ખાસ વિજ્ઞપ્તિ છે. વિશેષ સમાચાર આવતા અંકમાં લખવામાં આવશે.

For Private And Personal Use Only